dailyhunt संजोग न्यूझ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 36 | AD - 2024, kartak Sud -08 | Saturday, Dt.09-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## પ્રધાનમંત્રી મોદીએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પ્રચારના કર્યા શ્રી ગણેશ

# મહા અઘાડીના વાહનમાં વ્હીલ અને બ્રેક નથી, ડ્રાઈવીંગ સીટ પર બેસવા માટેની લડાઈ : મોદી

મુંબઈ,તા.૦૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે પ્રચારની શરૂઆત કરી હતી. ધુલેમાં ૫૦ મિનિટના ભાષણમાં મોદીએ મહાવિકાસ અઘાડી (MVA), કોંગ્રેસના અલગતાવાદ, મહારાષ્ટ્રના વિકાસ, આદિવાસીઓ અને મહિલાઓ પર વાત કરી હતી. વડાપ્રધાને કહ્યું કે, જો આપણે એકજૂટ રહીશું તો સુરક્ષિત રહીશું. પહેલા તેઓ ધર્મના નામે લડતા હતા. જેના કારણે દેશના ભાગલા પડ્યા. હવે તેઓ જ્ઞાતિઓને લડાવવાનું કામ કરી રહ્યા છે. આ ભારત વિરુદ્ધ ષડયંત્ર છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, મહા અઘાડીના વાહનમાં ન તો વ્હીલ છે કે ન તો બ્રેક્સ અને ડ્રાઈવરની સીટ પર બેસવા માટે લડાઈ છે. ચારેબાજુથી જુદા જુદા હોર્ન સંભળાય છે. મહારાષ્ટ્રમાં ૨૮૮ બેઠકો માટે ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં ચૂંટણી યોજાશે. પરિણામ ૨૩મી નવેમ્બરે આવશે. ભાજપ મહાયુતિ ગઠબંધન સાથે ચૂંટણી લડી રહી છે. ભાજપે ૧૪૮ ઉમેદવારો, શિંદે જૂથે ૮૦ અને અજીત જૂથે ૫૩ ઉમેદવારો ઊભા રાખ્યા છે. વડાપ્રધાને કહ્યું કે, મહારાષ્ટ્ર સાથેનો મારો લગાવ તમે બધા જાણો છો. જ્યારે પણ મેં મહારાષ્ટ્ર પાસેથી કંઈપણ માંગ્યું છે ત્યારે અહીંના લોકોએ મને દિલથી આશીર્વાદ આપ્યા છે. હું ૨૦૧૪ની વિધાનસભા ચૂંટણી વખતે અહીં આવ્યો હતો. મેં તમને મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર માટે વિનંતી કરી હતી. તમે રાજ્યમાં ૧૫ વર્ષના લાંબા રાજકીય ચક્રને તોડીને ભાજપને જીત અપાવી. આજે હું ધુલેની ધરતીથી મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરી રહ્યો છું. MVAએ પહેલા સરકારને લૂંટી, પછી જનતાને અમે જનતાને ભગવાન માની તેમની સેવા કરીએ છીએ. કેટલાક લોકોને લૂંટવા આવ્યા છે. જ્યારે લોકો લૂંટવાના ઈરાદાથી આવે છે ત્યારે તેઓ દરેક યોજનાને અટકાવી દે છે. મહાવિકાસ અઘાડી દ્વારા રચાયેલી કપટી સરકારના અઢી વર્ષ તમે જોયા છે. તેઓએ પહેલા સરકારને લૂંટી અને પછી પ્રજાને લૂંટી. મહાયુતિનો મેનિફેસ્ટો વિકસિત ભારતનો આધાર બનશે. વિકસિત મહારાષ્ટ્ર અને વિકસિત ભારત માટે આપણી બહેનો અને દીકરીઓનું જીવન સરળ બનાવવું ખૂબ જ જરૂરી છે. જ્યારે મહિલાઓ આગળ વધે છે ત્યારે સમગ્ર સમાજ ઝડપથી આગળ વધે છે. તેથી કેન્દ્ર



સરકારે પણ મહિલાઓને કેન્દ્રમાં રાખીને ઘણા મોટા નિર્ણયો લીધા છે. MVAએ મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું મહારાષ્ટ્રની દરેક મહિલાએ અઘાડી લોકોથી સાવધાન રહેવું પડશે. તેઓ મહિલા શક્તિને મજબૂત જોઈ શકતા નથી. તેઓ કેવી રીતે મહિલાઓ સાથે દુર્વ્યવહાર કરે છે, તેઓ કેવા પ્રકારની અભદ્ર ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. મહારાષ્ટ્ર પોલીસમાં ૨૫,૦૦૦ દીકરીઓની ભરતીથી મહિલાઓમાં ઉત્સાહ વધશે. તેમને સુરક્ષા મળશે. રોકાણકારોની પ્રથમ પસંદગી મહારાષ્ટ્ર છે. અમે મરાઠી ભાષાને ભદ્ર ભાષાનો દરજ્જો આપ્યો. મહારાષ્ટ્રના લોકોની દાયકાઓથી આ માગ હતી. વિદેશી રોકાણકારોની પ્રથમ પસંદગી મહારાષ્ટ્ર છે. આ વર્ષના પ્રથમ ૩ મહિનામાં ૫૦% થી વધુ રોકાણ મહારાષ્ટ્રમાં આવ્યું છે. દેશનું સૌથી મોટું એરપોર્ટ પણ અહીં બની રહ્યું છે. કોંગ્રેસ દલિતો અને પછાત લોકોને આગળ વધતા જોઈ શકતી નથી. કોંગ્રેસ દ્વારા એક જ્ઞાતિને બીજી જાતિ સામે લડાવવાની રમત રમાઈ રહી છે. કોંગ્રેસ ક્યારેય દલિતો અને પછાત આદિવાસીઓને આગળ વધતા જોઈ શકતી નથી. આંબેડકરે વંચિતોને અનામત અપાવવાનો પ્રયાસ કર્યો પરંતુ નેહરુજી અડગ રહ્યા. બાબા સાહેબ ભાગ્યે જ દલિતો અને આદિવાસીઓને અનામત અપાવી શક્યા હતા. નેહરુ પછી ઈન્દિરાજી આવ્યા. અનામતની સામે પણ તેમણે એવું જ વાતાવરણ જાળવી રાખ્યું હતું. તે હંમેશા એસસી, એસટી, ઓબીસીને નબળા પાડવા માંગતી હતી. રાજીવ ગાંધીની વિચારસરણી પણ તેમના પરિવારથી અલગ નહોતી. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીની સરખામણીમાં ભાજપ આ વખતે ઓછી સીટો પર લડી રહી છે. ગત વખતે ભાજપે ૧૬૪ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા હતા. આ વખતે ૧૬ ઓછા ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. તે જ સમયે શિવસેના-શિંદેને ૮૦, એનસીપી-અજિતને ૫૩ બેઠકો મળી હતી. પાર્ટીમાં બળવા પછી આ પહેલી વિધાનસભા ચૂંટણી છે. છેલ્લી ચૂંટણીઓમાં શિવસેના (અવિભાજિત) અને NCP (અવિભાજિત) દરેક ૧૨૪ બેઠકો પર લડ્યા હતા. આ બધા સિવાય આ વખતે મહાયુતિએ સહયોગી પક્ષો માટે ૫ બેઠકો છોડી છે. મુખ્યમંત્રી તરીકે જોવા પર ડેપ્યુટી CM દેવેન્દ્ર ફડણવીસે લગભગ એક અઠવાડિયા પહેલા કહ્યું હતું કે જો લોકો તેમને મુખ્યમંત્રી તરીકે જોઈ રહ્યા છે તો તે કોઈ સમસ્યા નથી, તે એક ઉકેલ છે. પરંતુ આનો અર્થ એ નથી કે તેઓ CM બનવા જઈ રહ્યા છે. એકનાથ શિંદે હાલના મુખ્યમંત્રી હોવાથી મહાયુતિને મુખ્યમંત્રીપદનો ચહેરો જાહેર કરવાની જરૂર નથી. મુખ્યમંત્રી કોણ બનશે તેની જાહેરાત ચૂંટણી બાદ થશે. શિવસેનાના વડા સીએમ એકનાથ શિંદે, એનસીપીના વડા અજિત પવાર અને ભાજપનું સંસદીય બોર્ડ નક્કી કરશે કે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન કોણ હશે. મહાયુતિ મૂંઝવણમાં નથી, સમસ્યા મહાવિકાસ અઘાડી (MVA)ની છે. ચહેરાનો સવાલ તેમના માટે છે, મહાયુતિ માટે નથી. એમવીએ મુખ્યમંત્રીના ચહેરાની જાહેરાત નથી કરી રહ્યા કારણ કે તેઓ જાણે છે કે ચૂંટણી પછી તેમના મુખ્યમંત્રી આવી શકે છે.

## આતંકવાદીઓ પાસેથી વાંધાજનક સામગ્રી, હથિયારો અને દારૂગોળો મળ્યા

# જમ્મુ-કાશ્મીરના સોપોર વિસ્તારમાં બે આતંકવાદીઓને ઠાર મારતું સુરક્ષાદળ

જમ્મુ,તા.૦૮

જમ્મુ અને કાશ્મીરના સોપોર વિસ્તારમાં સંતાયેલા આતંકવાદીઓ અને સુરક્ષા દળ વચ્ચે ગુરૂવારે ગોળીબાર શરૂ થયો હતો. અડધી રાત્રે અથડામણમાં સેનાએ બે આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. અધિકારીઓએ કહ્યું કે, સોપોરના સાગીપોરા વિસ્તારમાં આતંકવાદીઓનો એક સમૂહ સંતાયો હોવાની વિશેષ ગુપ્ત જાણકારી મળ્યા બાદ સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, સુરક્ષા દળ સંતાયેલા આતંકવાદીઓની નજીક પહોંચ્યા તો તેઓએ એકાએક ગોળીબાર શરૂ કરી દીધો. સુરક્ષાદળોના જવાબી ગોળીબારથી અથડામણ શરૂ થઈ ગઈ.

મળતી માહિતી મુજબ, ત્રણથી ચાર આતંકવાદી સંતાયેલા છે અને સેનાએ ૨ આતંકવાદીઓને ઠાર કરી દીધા છે. કાશ્મીર ઝોન પોલીસે કહ્યું કે, મોતને ઘાટ ઉતારવામાં આવેલા આતંકવાદીઓની ઓળખ વિશે તપાસ કરવામાં આવી રહી છે. તેમની પાસેથી વાંધાજનક સામગ્રી, હથિયાર અને દારૂગોળો મળી આવ્યા છે. આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ઘણાં હુમલા બાદ સુરક્ષાદળોએ હાલ આતંકવાદીઓ સામે અભિયાન શરૂ કરી દીધું છે. થોડા દિવસ પહેલાં પણ ૨ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. એક કુપરવાડા જિલ્લાના લોલાબ વિસ્તાર અને બીજો બાંદીપોરા જિલ્લાના કેટસુન જંગલોમાં અને હવે સેનાએ સોપોરમાં પણ ૨ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે.









## કલમ ૩૭૦ મુદ્દે જમ્મુ-કાશ્મીરમાં ફરી ધારાસભ્યો વચ્ચે ધબધબાટી

જમ્મુ,તા.૦૮



જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં શુક્રવારે ચોથા દિવસે પણ ભારે હોબાળો થયો હતો. અવામી ઈત્તેહાદ પાર્ટીના ધારાસભ્ય ખુર્શીદ અહેમદ શેખે આજે ફરીથી કલમ ૩૭૦ની પુનઃસ્થાપના સંબંધિત પોસ્ટર લહેરાવવાનો પ્રયાસ કર્યો હતો. તે પહેલાં વિપક્ષી નેતાઓએ તેમને રોક્યા હતા. ધારાસભ્યો વચ્ચે મારામારી થઈ હતી. દરમિયાન એક ધારાસભ્ય ટેબલ પર ચડી ગયા હતા. બીજી તરફ માર્શલ ખુર્શીદે અહેમદને ખેંચીને લઈ ગયા. આ દરમિયાન ખુર્શીદ જમીન પર પડી ગયા હતા. તેમને બહાર કાઢવામાં આવ્યા હતા. માર્શલે ભાજપના કેટલાક ધારાસભ્યોને પણ હાંકી કાઢ્યા હતા. જે બાદ ભાજપના તમામ નેતાઓ વોકઆઉટ કરી ગયા હતા. ખુર્શીદ અહેમદ બારામુલ્લાના સાંસદ એન્જિનિયર રાશીદના ભાઈ છે. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ફંડિંગના આરોપમાં રાશીદની ૨૦૧૬માં UAPA હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તે ૨૦૧૯થી તિહાર જેલમાં બંધ છે. વિધાનસભા ચૂંટણીના પ્રચાર માટે તેમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા.












# અનોખી સમાધિ : પાડરશીંગાના ખેડૂતે વાજતે-ગાજતે કારને સમાધિ આપી

અમરેલી,તા.૦૮

લાઠી તાલુકાના પાડરશીંગા ગામમા અનેરા ઉત્સાહ સાથે ઢોલ અને ડીજેના તાલ સાથે રાસની રમઝટ બોલી હતી. અહી કોઈ લગ્ન પ્રસંગ કે ધાર્મિક ઉત્સવ ન હતો પરંતુ એક સમાધિનો કાર્યક્રમ હતો. અને આ સમાધિ પણ કોઈ માણસ કે જીવની નહી પરંતુ એક કારની સમાધિ હતી. પાડરશીંગા ગામના ખેડૂત સંજયભાઈ પોલરાએ વર્ષ ૨૦૧૩-૧૪માં એક કાર ખરીદી હતી. તેઓ ગામમાં મકાન અને સીમમાં ખેતીની જમીન ધરાવે છે. અને બાદમાં ધંધાર્થે સુરત પણ ગયા હતા. તેઓ માને છે કે આ કાર તેમના માટે લક્કી છે અને તેના આવ્યા બાદ આર્થિક સમૃધ્ધિ પણ આવી અને પ્રતિષ્ઠા પણ વધી. આ કાર જુની હોય તેને વેચી નાખવાની કે ભંગારમાં



આપી દેવાના બદલે શાસ્ત્રોકત વિધિ સાથે સમાધિ આપવાનો તેમણે નિર્ણય કર્યો હતો. આ માટે તેમણે આસપાસના સંતો મહંતોને નોતરૂ પણ મોકલ્યુ હતું અને પોતાના સગા સંબંધીઓને પણ બોલાવ્યા હતા. કાર માલિક સંજયભાઈ પોલરાએ જણાવ્યું હતું કે હું છેલ્લા દસ વર્ષથી આ કાર ચલાવુ છું. કાર આવ્યા બાદ મારી પ્રગતિ થઈ છે એટલે મારે કોઈને આપવી ન હતી. આ સમગ્ર સમાધિ કાર્યક્રમ પાછળ મે ચાર લાખનો ખર્ચ કર્યો છે. સંજયભાઈ પોલરાએ ગામ આખાના લોકોને પણ આ પ્રસંગે યોજેલા જમણવારમાં આમંત્રિત કર્યા હતા. મહેમાનો અને ગામ લોકો મળી ૧૫૦૦ લોકોનો તેમણે જમણવાર કર્યો હતો. સંજયભાઈ પોલરાએ પોતાની વહાલી કારની કાયમી યાદગીરી રહે તે માટે વાડીમાં કારને જે સ્થળે સમાધિ આપવામાં આવી છે તે સ્થળે તેના પર વૃક્ષ વાવવાનો પણ નિર્ણય કર્યો છે.

# લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭મીએ યોજાશે

## તા. ૧૭ સુધીમાં નાગરિકોએ પ્રશ્નો મોકલી આપવા

અમરેલી,તા.૦૮

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭ નવેમ્બર બુધવારના રોજ સવારે ૧૧ કલાકે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૭ નવેમ્બરના રોજ બપોરે ૩:૦૦ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવા. અરજીના મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારની એક યાદીમાં જણાવ્યું છે.

# ધારીમાં નવી ઉભી કરાયેલી ડીવાયએસપીની પોસ્ટ પર જયવીર ગઢવીની નિમણૂક

ધારી, તા.૮

ગુજરાત કેડરના વર્ષ ૨૦૨૧-૨૨ના આઈપીએસની વિવિધ પદ પર ભરતી કરવામાં આવી છે. જેમાં અમરેલીની ધારી સહિત કુલ ૮ આઈપીએસને નવી ઉભી કરાયેલી જગ્યાઓ પર ડીવાયએસપી તરીકે મૂકવામાં આવ્યા હતા. જયવીર ગઢવીની મદદનીશ પોલીસ અધિક્ષક, ધારી તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આઈપીએસની હૈદરાબાદમાં ટ્રેનિંગ પૂર્ણ થતાં તેમને ફરજ પર મૂકવામાં આવ્યા હતા. કચ્છના માંડવી તાલુકાના વિંગડિયા ગામના જયવીર ગઢવીએ જીપીએસસીમાં સમગ્ર રાજ્યમાં ટોપ કર્યા પછી યુપીએસસીની સિવિલ સર્વિસ પરીક્ષા પણ પાસ કરી હતી. જયવીરે ૩૪૧નો ઓલ ઈન્ડિયા રેન્ક મેળવ્યો હતો. વડોદરાના ડેપ્યુટી કલેકટર તરીકે પણ તેમણે ફરજ બજાવી હતી.

# બગસરામાં તંત્રની બેદરકારીને લીધે કાર પુલ નીચે ખાબકતા એકને ઈજા

અમરેલી,તા.૦૮

બગસરામાં થોડા દિવસો પહેલા નગરપાલિકાએ વિવિધ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા જેમાં ઝાંઝરીયા જવાના માર્ગ પર પુલ પણ બનાવવામાં આવ્યો હતો. પુલ બની ગયા બાદ પુલ પર રેલીંગ નાખવામાં ન આવતા એક કાર પુલ નીચે ખાબકતા એક વ્યક્તિને ઈજા



થઈ હતી. બગસરામાં નાયબ મુખ્ય દંડક, ધારાસભ્ય સહિતના આગેવાનોની હાજરીમાં વિવિધ કામોનો પાલિકા દ્વારા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઝાંઝરીયા રોડ પર પુલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. નેતાઓની વાહ-વાહ મેળવવા માટે પાલિકાએ પુલ પર રેલીંગ નાખ્યા વગર જ ખુલ્લો મૂકી દીધો હતો જેથી એક કારચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર પુલ નીચે ખાબકી હતી. જેથી કારચાલકને ઈજા થઈ હતી. પુલના લોકાર્પણ સમયે નેતાઓએ ભાષણબાજી કરી પરંતુ લોકોના જીવની ચિંતા ન કરતા લોકોમાં રોષ ફેલાયો છે. જેથી ભવિષ્યમાં કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા જ પુલ પર રેલીંગ નાખવામાં આવે તેવી લોકોએ માંગ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે રાત્રીના સમયે પણ એક કાર પુલ નીચે ખાબકતા રહી ગઈ હતી.

# બાબરા તાલુકાનાં એમડીએમ મંડળનાં પ્રમુખ મામલતદારની શુભેચ્છા મુલાકાતે



બાબરા, તા.૦૮

બાબરા મામલતદાર સુમરા સાહેબનું બાબરા તાલુકા એમ.ડી.એમ મંડળના પ્રમુખ પ્રવીણભાઈ વાળા, ઉપ પ્રમુખ હરેશભાઈની ટીમે સન્માન કરી શુભેચ્છા મુલાકાત કરી હતી.

# અમરેલી બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે અન્નકૂટ દર્શને હરિભક્તોની ભારે ભીડ

અમરેલી,તા.૦૮

અમરેલીના ગાંધી બાગ પાસે આવેલ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે નવા વર્ષના પ્રારંભ તા. ૨ના રોજ સવારે ૭ થી સાંજના ૬ વાગ્યા સુધી આ મહા અન્નકૂટના દર્શન માટેનું આયોજન સંતોના માર્ગદર્શન નીચે હરિભક્તો દ્વારા કરવામાં આવેલ હતું. આ અન્નકૂટના દર્શન માટે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમરેલી જિલ્લાના વિવિધ ક્ષેત્રના અગ્રણી મહાનુભાવો, વિવિધ સમાજના અગ્રણી આગેવાનો, વેપારી અગ્રણીઓ,



ઉદ્યોગપતિઓ, તબીબી ક્ષેત્રના જાણીતા ડોકટરો, વિવિધ મીડિયાના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં હરિભક્તો સહિત આશરે ૧૦ હજારથી વધુ ભાવિકો આ મહા અન્નકૂટના દર્શન પધાર્યા હતા.

# જાફરાબાદના ચિત્રાસર ગામે ખેતરના રસ્તા મુદ્દે યુવકને હાંડો માથામાં માર્યો

જાફરાબાદ, તા.૦૮

જાફરાબાદના ચિત્રાસર ગામે રહેતા વાડી ખેતરના રસ્તા મુદ્દે કુટુંબીજનોમાં થયેલી બોલાચાલીમાં એક યુવકને માથામાં પાણી ભરવાનો હાંડો મારવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે હિંમતભાઈ બચુભાઈ બાંભણીયાએ ભાવેશભાઈ ભુપતભાઈ બાંભણીયા, રાજેશભાઈ ભુપતભાઈ બાંભણીયા સહિત સાત લોકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના બા-બાપુજીને ભાવેશભાઈ સાથે વાડી ખેતરના રસ્તા મુદ્દે બોલાચાલી થઈ હતી. જે બાબતનું મનદુઃખ રાખી જેમ ફાવે તેમ ગાળો આપી હાથમાં પહેરવાના કડા વડે તથા પાણી ભરવા હાંડા વડે માથાના ભાગે માર માર્યો હતો. ઉપરાંત અન્ય આરોપીએ પકડીને પછાડી દીધો હતો. તેમજ મુંઢમાર માર્યો હતો.

# બગસરામાં આવેલા પરશુરામ મંદિરે ભવ્ય અન્નકૂટના દર્શન યોજાયા

અમરેલી,તા.૦૮

બગસરામાં જેતપુર રોડ પર આવેલા પરશુરામધામ ખાતે પરશુરામ મંદિરે તા. ૨ના રોજ સાંજના સમયે ભવ્ય અન્નકૂટના દર્શન યોજાયા હતા. ટ્રસ્ટના પ્રમુખ કમલેશ ઠાકર, મુકેશ જોષી, દિપકભાઈ પંડયા, કકુ જોષી, મહેશભાઈ વ્યાસ(જીઈબી) સહિતના બ્રહ્મ આગેવાનો સહિત બ્રહ્મ



પરિવારોએ અન્નકૂટના દર્શનનો લાભ લીધો હતો. પૂજારી જયેશભાઈ ત્રિવેદી દ્વારા મહાઆરતી કરવામાં આવી હતી. અન્નકૂટ બાદ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઉંઘાડની "કલ્પસર યોજના" પર સર્વેક્ષણ શરૂ

અમરેલી,તા.૦૮

સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણીની તંગી અને સુકાના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંઘાડ દ્વારા 'કલ્પસર યોજના' અંગે રાજ્ય અને કેન્દ્ર સરકારને પત્રો લખીને માંગણી કરવામાં આવી હતી. આ યોજના માટે રૂ. ૨,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચની માંગ



કરવામાં આવી હતી. આ માંગની કાર્યવાહી શરૂ કરવા રાજ્યના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઈજનેર અને અધિક સચિવ દ્વારા પ્રોજેક્ટ અહેવાલની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અહેવાલ તૈયાર કરવાની જવાબદારી કેન્દ્ર સરકારના અર્થશાસ્ત્ર વિભાગ હેઠળની ચેન્નાઈ સ્થિત સંસ્થા **NCCR** ને સોંપવામાં આવી છે. આ ઉપરાંત, ૮ ઓક્ટોબરે એક્સપર્ટ એડવાઈઝરી ગ્રૂપની બેઠકમાં પણ આ પ્રોજેક્ટ અહેવાલ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. આ અહેવાલના આધારે સમગ્ર પ્રોજેક્ટને અમલી બનાવવા રાજ્ય અને કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવશે. આ માટે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંઘાડને આ માહિતી આપવામાં આવી છે.

# લાઠીના અકાળા ખાતે શાળાનો લોકાર્પણ અને આરોગ્ય મંદિરનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

લાઠી,તા.૦૮

લાઠીના અકાળા ગામ ખાતે આજે સવારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનું લોકાર્પણ, આરોગ્ય મંદિરનું ભૂમિપૂજન અને અકાળીયા હનુમાનજી દાદા મંદિરના દાતાઓની નામાવલી તકતીનું અનાવરણ કરવાનો સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે



ગુજરાત વિધાનસભાના ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા, સાસંદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, કાનજીભાઈ ભાલાળા, સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ સહિત અગ્રણી ઉદ્યોગપતિ ધનજીભાઈ રાખોલીયા (મીનાક્ષી ડાયમંડ) જગદીશભાઈ લુખી સહિતના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ, તેમ મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવત્તાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## યજ્ઞમાં બેસી દેસાઈ પરિવારના સભ્યોએ લાભ લીધો

# પીઠવાજાળ ગામે દેસાઈ પરિવાર દ્વારા જ્ઞાનયજ્ઞ યોજાયો

અમરેલી,તા.૦૮

અમરેલીના પીઠવાજાળ ગામે સમસ્ત દેસાઈ પરિવાર દ્વારા જ્ઞાનયજ્ઞ યોજાયો હતો. સુરાપુરા શ્રી રાણાબાપાના સાનિધ્યમાં આ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતું. સવારના ૭:૦૦ કલાકે હેમાદ્રી, ૭:૩૦ કલાકે યજ્ઞનો પ્રારંભ થયો હતો. ૧૧:૦૦ કલાકે ભોજન પ્રસાદ, બપોરે ૧:૦૦ કલાકે યજ્ઞની પૂર્ણાહૂતી કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં યજ્ઞમાં બેસી દેસાઈ પરિવારના સભ્યોએ લાભ લીધો હતો. આ જ્ઞાનયજ્ઞમાં સમસ્ત દેસાઈ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જ્ઞાનયજ્ઞને સફળ બનાવવા દેસાઈ પરિવારના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.





## જૂનાગઢ, સોમનાથમાં કારમાંથી સોનુ, રોકડની ચોરી કરી નાસી છુટેલા

# દંપતીને મોબાઈલ લોકેશનના આધારે ભુરખીયા ચોકડી પાસેથી પોલીસે ઝડપ્યા

અમરેલી,તા.૦૮

અમરેલી અને લાઠી પોલીસ મોબાઇલ લોકેશનના આધારે આ કારનો પીછો કરી રહી હતી તે સમયે આ દંપતીની કાર દામનગરના ભુરખીયા ચોકડી પરથી પસાર થતા પીઆઇ આર.વાય.રાવલ તથા તેની ટીમે દંપતીને ઝડપી લીધું હતું. પ્રાથમિક પૂછપરછમાં આણંદનો અતકલ સલીમ વ્હોરા અને તેની પત્ની આ તફડંચીમાં સંડોવાયા હોવાનું બહાર આવ્યુ છે. આજે સવારે જૂનાગઢ સક્કરબાગ ઝુ પર મોરબીમાં સામાકાંઠે અંબિકા સોસાયટીમાં રહેતા વજેસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાની કાર પાર્ક કરેલી હતી ત્યારે આ દંપતીએ તેનો કાચ તોડી તેમાંથી પાંચ તોલાના સોનાના દાગીના તથા ૧.૪૦ લાખની રોકડ ચોરી હતી. અન્ય પ્રવાસી કાનજીભાઇ લાલજીભાઇ વેકરીયાની ગાડીમાંથી પણ ૪૦ હજારની રોકડ ચોરી હતી. આ ઉપરાંત સોમનાથમાં પણ તેણે આ રીતે કારમાંથી કિંમતી માલમતા ઉઠાવી હતી. અને બાદમાં અમરેલી તરફ ભાગ્યા હતા. કારમાંથી ઉઠાવેલા એક પાકિટમાં મોબાઇલ પણ હોય તેના લોકેશનના આધારે અમરેલી જિલ્લામાં પોલીસે તેનો સતત પીછો કર્યો હતો.

# મોટા દેવળીયા ગામે બે મહિના પહેલા થયેલા ઝઘડાના મનદુ:ખમાં કુહાડીના ઘા માર્યા

બાબરા, તા.૦૮

બાબરાના મોટા દેવળીયા ગામે રહેતા એક યુવક પર બે મહિના પહેલા થયેલા ઝઘડાના મનદુ:ખમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. કિશોરભાઈ ઉર્ફે રાજુભાઈ સુરાભાઈ વાઘેલા (ઉ.વ.૩૦)એ બાબુભાઈ કોળી, મુનાભાઈ કોળી તથા ભરતભાઈ કોળી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, બે મહિના પહેલા તેમના દીકરા સાથે બાબુભાઈ કોળીએ ઝઘડો કર્યો હતો તેમજ ગાળો આપી હતી.

જેનું મનદુઃખ રાખી તેમના પર કુહાડીથી હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત તેમના પત્ની તથા માતાને પાઈપના ઘા મારી ફ્રેક્ચરની ઈજા કરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.વી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

**ફરિયાદીના પત્ની અને માતાને પણ પાઇપના ઘા માર્યા**

# ધારીના માણાવાવ ગામે ઉછીના આપેલા રૂપિયા પરત માંગતા તલવારના ઘા માર્યા

**ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી**

ધારી, તા.૦૮

ધારીના માણાવાવ ગામે ઉછીના આપેલા રૂપિયા પરત માંગતા તલવારના ઘા મારવામાં આવ્યા હતા. આ અંગે જીલુભાઈ દેશાભાઈ વાળા (ઉ.વ.૬૦)એ હરેશભાઈ જેતુભાઈ વાળા, નજુભાઈ રામકુભાઈ વાળા, રાજદીપભાઈ ઉર્ફે લાલો દિલુભાઈ ધાખડા, રામકુભાઈ ચાપરાજભાઈ વાળા, રાજેન્દ્રભાઈ ઉર્ફે કાળુભાઈ દિલુભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે ગામની સીમમાં તેના કૌટુંબિક ભાઈ રામકુભાઈ ચાપરાજભાઈ વાળાની ખેતીની જમીન વેચાતી રાખી હતી ત્યારે સાડા સાત લાખ રૂપિયા હાથ ઉછીના આપ્યા હતા. જેમાંથી પાંચ લાખ પરત આપ્યા હતા અને બાકીના અઢી લાખ રૂપિયા માંગતા આરોપીઓને સારું નહોતું લાગ્યું. જેનો ખાર રાખી તેમને તલવારના ઘા માર્યા હતા તેમજ લોખંડના પાઈપ વડે શરીરે આડેધડ મુંઢમાર મારીને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના પી. આઈ. એ.ડી.ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી પાંજરાપોળ ગૌશાળામાં લાભપાંચમે ગૌપૂજન કાર્યક્રમ યોજાયો

**આગેવાનોએ ગૌશાળાની કામગીરીને બિરદાવી, સંસ્થાને મદદ કરવા અનુરોધ કર્યો**

અમરેલી, તા.૦૮

અમરેલીમાં પાંજરાપોળ ગૌશાળામાં લાભપાંચમે ગૌપૂજન કાર્યક્રમ યોજાયો હતો. ૮૦૦થી વધુ ગૌમાતા, ગૌવંશ અને અન્ય પશુઓ માટે અનેરો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ લોકો તરફથી પાલાનું અનુદાન કરવામાં આવ્યું હતું. સુરતથી પધારેલા કેતનભાઈએ ગૌશાળાની કામગીરી બિરદાવી હતી અને સંસ્થાને મદદ કરવા અનુરોધ કર્યો હતો.

# લાઠીના છભાડીયા, બગસરાના જુની હળીયાદ ગામના યુવકે ઝેરી ટીકડા પીધા

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાં બે લોકોએ ઝેરી ટિકડા પીધા હતા. લાઠીના છભાડીયા ગામે રહેતા નરેશભાઈ ડાયાભાઈ બગડા (ઉ.વ.૪૮)એ જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર જયદીપભાઈ નરેશભાઈ બગડા (ઉ.વ.૧૯)એ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ઝેરી ટિકડા પી લેતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. જ્યારે બગસરાના જુની હળીયાદ ગામે રહેતા પાલાભાઈ દાનાભાઈ દાફડા (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, ભાવેશભાઈ વાઘાભાઈ દાફડા (ઉ.વ.૨૭)એ પોતાની મેળે ઘઉંમાં નાખવાના ટીકડા પી લેતાં સારવાર અર્થે ખસેડાયા હતા. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

# બાબરીયાધાર ગામનો યુવક દારૂની બોટલો સાથે ઝડપાયો

રાજુલા, તા.૦૮

રાજુલાના બાબરીયાધાર ગામે, વાવેરા રોડ નિશાળ પાસેથી એક યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો સાથે ઝડપાયો હતો. વિપુલભાઈ વલ્લભભાઈ પરમાર (ઉ.વ.૩૨) પાસેથી વ્હીસ્કીની ૨૫ બોટલ મળી આવી હતી. પોલીસે ૧૧૩૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# મોટી કુંકાવાવના સરપંચને બદનામ કરવાના ઈરાદે વોટ્સએપ ગ્રુપમાં ગાળો આપી

વડીયા, તા.૦૮

વડીયાના મોટી કુંકાવાવ ગામના સરપંચને બદનામ કરવાના ઈરાદે ગામના યુવકે વોટ્સએપ ગ્રુપમાં મેસેજ લખ્યા હતા. જે અંગે સંજયભાઈ વિરજીભાઈ લાખાણી (ઉ.વ.૩૮)એ કેયુરભાઈ હસમુખભાઈ દેવાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા સામેવાળા બંને કુંકાવાવ પરિવાર વોટ્સએપ ગ્રુપના સભ્ય હતા. તેમની વિરુદ્ધમાં સામાવાળાની પત્નીએ પોલીસ ફરિયાદ કરી હતી. જે અંગે તેમને આગોતરા જામીન મળી જતાં આરોપીને સારું નહોતું લાગ્યું અને કુંકાવાવ પરિવાર વોટ્સએપ ગ્રુપના માધ્યમથી તેમને બિભત્સ ગાળો આપીને ગામમાં બદનામ કરવા તથા સરપંચ પદની ગરીમા જળવાય નહીં તેવા ઉશ્કેરણી જનક મેસેજ લખ્યા હતા. તેમજ મારી નાખવાની ધમકીનો મેસેજ લખ્યો હતો.

# બાબરામાં તળાવમાં ડૂબી જતા પ્રૌઢનું મોત

અમરેલી,તા.૦૮

બાબરામાં રહેતા વલકુભાઈ નાનજીભાઈ બલધાણીયા (ઉ.વ.૪૫) નામના પ્રૌઢ તેના ભત્રીજા અને અન્ય ભાઈ સાથે મેલડી માતાજીના મંદિર પાસે આવેલ તળાવમા ન્હાવા માટે ગયા હતા. અહી વલકુભાઈનુ તળાવમા પાણીમા ડૂબી જવાથી મોત નિપજયું હતુ. બનાવ અંગે રોહિતભાઈ જીકુભાઈ બલધાણીયાએ બાબરા પોલીસ મથકમા જાણ કરી હતી.


સંકુલ સ્કૂલ કોલેજ હોસ્ટેલ - ઓછી ફી - સારૂ શિક્ષણ
★ KG થી ધો. 5 બન્ને મિડીયમ – કન્યા કુમાર મીશ્ર સ્કૂલ (સંકુલ બન્ને શીફટ)
★ ધો. ૬ થી ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ ગુ.મી.–ઈં.મી. ગર્લ્સ સ્કૂલ (સંકુલ બન્ને શીફટ)
★ ધો. ૧ થી ૧૦ GSEB - ICSE ઈં.મી. મીશ્ર સ્કૂલ (બાયપાસ સવાર ની શીફટ)
★ ધો. ૬ થી ૧૨ કોમર્સ સાયંસ ગુ.મી. કુમાર શાળા (બાયપાસ બપોર ની શીફટ)
★ BA - MA - B.Com. - M.Com - B.Sc. - M.Sc. - BBA - MBA - BCA
★ MCA - B.Pharm - B.Ed. - PG DMLT ગર્લ્સ કોલેજ – ગર્લ્સ હોસ્ટેલ (સંકુલ)
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad 072



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo. 98242 65665



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
CHEMICAL INDUSTRIES SHED IN GUJARAT
ROOF TOUCH SHEETS



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# અમરેલીના ચાડીયા ગામે મુખ્યમંત્રીએ પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન નિહાળ્યું

અમરેલી,તા.૦૮

અન્નપૂર્ણા ચેરિટેબલ ટ્રસ્ટ અમદાવાદ- ચાડીયા દ્વારા અમરેલીના ચાડીયા મુકામે યોજાયેલા માતૃ વંદના ભૂમિપૂજન કાર્યક્રમમાં આઈસીડીએસ દ્વારા પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ આ વાનગીઓને નિહાળી હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગ અમરેલી ઘટક- ૨ દ્વારા પ્રીમિક્સ, મિલેટ્સ અને કઠોળ સહિતની વિવિધ વાનગીઓનો નિદર્શન સ્ટોલ રાખવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે



વાનગીઓનું નિદર્શન નિહાળી આઈ.સી.ડી.એસ. દ્વારા કરવામાં આવતી કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, ધારાસભ્યો સહિત પદાધિકારીઓ, અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમાં મહિલા વિકાસને લગતી શ્રેષ્ઠ કામગીરી કરતી એક સ્વૈચ્છિક સંસ્થાને અને એક શ્રેષ્ઠ સામાજિક કાર્યકરને વર્ષ ૨૦૨૪-૨૫ માટે 'ગુજરાત મહિલા વિકાસ પુરસ્કાર' એનાયત કરવામાં આવશે. આ પુરસ્કાર માટે જે-તે જિલ્લા ખાતેના મહિલા અને બાળ અધિકારી મારફતે નિયત નમૂનામાં શરતોને આધિન અરજીઓ મંગાવવામાં આવી છે.

# લાઠી પોલીસ સ્ટેશનના ફરાર આરોપીને ૧૦ માસ બાદ ઝડપી પાડતી પોલીસ

**આરોપી છેતરપિંડી, વિશ્વાસઘાતના ગુનામાં ફરાર હતો**

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી ધરપકડ ટાળવા માટે અનેક ગુનેગારો પોલીસ ચોપડે ફરાર છે. તેવા આરોપીઓને ઝડપી પાડવા માટે ઈન્ચાર્જ એસપી વલય વૈદ્ય દ્વારા



સૂચનાઓ આપવામાં આવી છે. અલગ અલગ ગુનાઓ આચરી ફરાર થયેલા આરોપીઓને પકડવા કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં લાઠી પોલીસ સ્ટેશનમાં છેલ્લા ૧૦ માસથી છેતરપિંડી અને વિશ્વાસઘાતના ગુનામાં ફરાર આરોપી બિહાર રાજ્યમાં જી.ભાગલપુર, તુલસીપુર તાલુકાના જમુનિયા ગામનો મોહમદ પિન્ટુ ઉર્ફે અજગર મોહમદ મજનું રાયનને ઝડપી કાર્યવાહી હાથ ધરી છે. આરોપીને લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપતા લાઠી પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

# લાઠીના ટોડા ગામે ફોનમાં થયેલી બોલાચાલીનો ઠપકો આપતાં મુંઢ ઈજા કરી

લાઠી, તા.૦૮

લાઠીના ટોડા ગામે રહેતા એક યુવકે ફોનમાં થયેલી બોલાચાલી મુદ્દે ઠપકો આપતાં જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે દિપકભાઈ ધીરૂભાઈ વાઘેલા (ઉ.વ.૩૫)એ સંજયભાઈ કરમશીભાઈ વાવડીયા સહિત છ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. બનાવની વિગત પ્રમાણે, દિપકભાઈ ધીરૂભાઈ વાઘેલા (ઉ.વ.૩૫)ને સંજયભાઈ કરમશીભાઈ વાવડીયાના માસા સાથે ફોનમાં બોલાચાલી થઈ હતી. જે અંગેનો ઠપકો આપતાં મનમાં સારું નહોતું લાગ્યું અને તેમને લોખંડના પાઈપથી શરીરે આડેધડ માર માર્યો હતો. તેમજ સામાન્ય ઈજા પહોંચાડી હતી. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ. જે. બરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના હરસુરપુર દેવળીયા ગામે ડમ્પર તો અહીં જ ચાલશે કહી ધમકી આપી

**બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી**

લાઠી, તા.૦૮

લાઠીના હરસુરપુર દેવળીયા ગામે ડમ્પર મુદ્દે બે પક્ષોમાં માથાકૂટ થતાં મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. પંકજભાઈ વલ્લભભાઈ પોપટાણી (ઉ.વ.૪૦)એ ભીખાભાઈ લાધાભાઈ ધામેચા, રમેશભાઈ લાધાભાઈ ધામેચા સહિત છ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ મંદિરેથી દર્શન કરીને ઘરે આવતા હતા ત્યારે આરોપી બજારમાં હોવાથી તેમણે મારા ઘરની પાસેથી ડમ્પર ન હાંકતા, ઘરને નુકસાન થાય છે તેમ કહ્યું હતું. જેથી આરોપીએ તારે થાય તે કરી લેજે કહી ડમ્પર તો અહીં જ હાંકવાનું છે તેમ કહી મારામારી કરીને ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ કલ્પેશભાઈ ધીરૂભાઈ ધામેચા (ઉ.વ.૨૭)એ પંકજભાઈ વલ્લભભાઈ પોપટાણી, રાધિકાબેન પંકજભાઈ પોપટાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટા બાપુજીના મકાનનું કામ શરૂ હતું ત્યાં રેતીનું ડમ્પર ખાલી કરવા આવતાં આરોપીએ બજારમાં મુકેલા પથ્થરો લેવાનું કહેતાં ગાળો આપી, મુંઢ ઈજા પહોંચાડી હતી. લાઠી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. શિયાળ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં ઉધાર નહીં આપો તો જીવતા નહીં રહેવા દઉ કહી ધમકી આપી

ચલાલા, તા.૦૮

ચલાલામાં રહેતા અને વેપાર કરતાં પ્રવિણભાઈ રસીકભાઈ પાંધી (ઉ.વ.૪૦) એ નયુમ ઉમરભાઈ બ્લોચ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમનો પુત્ર કરિયાણાની દુકાનમાં વેપાર-ધંધામાં બેઠો હતો ત્યારે આરોપી શેમ્પુ લેવા આવ્યો હતો. આરોપીએ ઉધાર માંગતા તેમના પુત્રએ આપવાની ના પાડતા ગાળો આપવા લાગ્યો હતો. જેથી તેમના પુત્રએ ગાળો આપવાની ના પાડતાં લાકડીથી ઈજા પહોંચાડી હતી અને હવે જો ઉધાર નથી આપ્યું તો જીવતા નહીં રહેવા દઉ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાઘવભાઈ અરજણભાઈ સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

**અનેકવાર રજૂઆત છતાં કોઈ કાર્યવાહી નહી**

# રાજુલાથી કડીયાળી તરફ જવાના રસ્તે ગરનાળામાં પાણી ભરાયેલુ હોવાથી ખેડૂતોને ભારે હાલાકી

અમરેલી, તા.૦૮

રાજુલાથી અડધો કિલોમીટર કડીયાળી તરફ જતા રેલવે ગરનાળુ આવે છે. અહીં રેલવે દ્વારા સિમેન્ટ રોડ બનાવ્યો છે. પરંતુ છેલ્લા ચાર વર્ષથી ચોમાસામાં ગરનાળામાં પાણી ભરાય છે. જેના કારણે ચાર માસ સુધી સમગ્ર રસ્તો બંધ રહે છે. અહીં ૨૫૦ જેટલા ખેડૂતોને નાળામાં ગારો ખુંદીને ખેતરે જવું પડે છે. અનેક વખત રજૂઆત બાદ પણ રેલવે તંત્ર ખેડૂતોની



સમસ્યાના ઉકેલમાં નિષ્ફળ રહ્યું હતું. આ અંગે રેલવે તંત્ર અને વહિવટી તંત્ર એકબીજા પર ખો આપી રહ્યું હતું. હાલ હવે શિયાળુ પાકની સિઝન શરૂ થવાની છે ત્યારે ગરનાળામાં ભરાયેલુ પાણી ખેડૂતો માટે માથાનો દુઃખાવો બન્યુ છે.

# રાજુલાના નવી બારપટોળી ગામના યુવક પર જુની બારપટોળી ગામે પ્રેમલગ્ન મુદ્દે જીવલેણ હુમલો

**ઢીકાપાટુનો માર મારીને ગંભીર ઈજા પહોંચાડી**

રાજુલા, તા.૦૮

રાજુલાના નવી બારપટોળી ગામના યુવકે કરેલા પ્રેમલગ્ન મુદ્દે તેના પર જુની બારપટોળી ગામે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવને લઈ ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે નવી બારપટોળી ગામે રહેતા મધુભાઈ ગોવિંદભાઈ કલસરીયા (ઉ.વ.૩૦)એ જુની બારપટોળી ગામે રહેતા સંજય નરશીભાઈ કાતરીયા, નરશીભાઈ પુનાભાઈ કાતરીયા, ભનુભાઈ નાજાભાઈ કાતરીયા સહિત સાત ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, એક વર્ષ પહેલાં તેમણે જુની બારપટોળી ગામના નરશીભાઈ કાતરીયાની દીકરી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જે વાતનું મનદુઃખ રાખી તેમના પર જુની બારપટોળી ગામે આહિર સમાજની વાડી ખાતે આરોપીઓ તિક્ષ્ણ હથિયાર સાથે ધસી આવ્યા હતા અને તું અહીં કેમ ઉભો છો તેમ કહી ગાળો આપી તેમને પકડી રાખી ગંભીર ઈજા પહોંચાડવાના ઈરાદે જીવલેણ હુમલો કરીને શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પી. આઈ. વી.એમ.કોલાદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના છતડીયા ગામે 'તું મારી સામે કાતર કેમ મારે છે' કહી યુવકને કુહાડીના ઘા માર્યા

રાજુલા, તા.૦૮

રાજુલાના છતડીયા ગામે એક વર્ષ પહેલા થયેલી બોલાચાલીના મનદુઃખમાં યુવકને 'તું મારી સામે કાતર કેમ મારે છે' તેમ કહી કુહાડીનો ઘા માર્યો હતો. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે અનિરુદ્ધભાઈ ગભરૂભાઈ કારેતાએ અશોકભાઈ રામકુભાઈ ધાખડા, રાજુભાઈ રામકુભાઈ ધાખડા, રામકુભાઈ ઓધડભાઈ ધાખડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને અશોકભાઈ ધાખડા સાથે એકાદ વર્ષ પહેલા બોલાચાલી થઈ હતી. જે વાતનું મનદુઃખ રાખી તેઓ પોતાની વાડીએથી ઘરે જતા હોય તે દરમિયાન છતડીયા ગામના બસ સ્ટેશન પાસે પહોંચતા તેમની મોટર સાયકલ રોકાવીને 'તું મારી સામે કાતર કેમ મારે છે' તેમ કહી જેમફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા કુહાડીથી એક ઘા માર્યો હતો. તેમજ મુંઢ ઈજા પહોચાડી, ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ રામકુભાઈ ઓધડભાઈ ધાખડાએ અનિરુદ્ધભાઈ ગભાભાઈ કારેતા, ઉદયભાઈ ગભાભાઈ કારેતા, ગભાભાઈ દેસભાઈ કારેતા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમણે આરોપીને ફૂલ સ્પીડમાં મોટર સાયકલ ચલાવવાની ના પાડી હતી.

જેની દાઝ રાખી ઢીકાપાટુ મારીને અમારું નામ લેશો તો જીવતા નહીં રહેવા દઈએ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

**એક વર્ષ પહેલાં થયેલી બોલાચાલીના મનદુઃખમાં હુમલો**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: આઠમ
તા. ૦૯-૧૧-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૬:૩૯,
સૂર્યાસ્ત-૦૫:૩૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા.૦૯-૧૧-૨૦૨૪ શનિવાર

મેષ: આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

વૃષભ: આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે.

મિથુન: આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે.

સિંહ: આ દિવસે કામમાં અડચણ હોવાને કારણે મન અશાંત થઈ શકે છે. બપોર પછી જો તમને સહાય મળે તો તમે સરળતાથી જટિલ કાર્યો પૂર્ણ કરી શકો છો.

કન્યા: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે. વારસામાં પિતાની સંપત્તિ મળવાની સંભાવના છે.

તુલા: આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. કોઈ ઓળખાણ દ્વારા નફાની પરિસ્થિતિઓ બનાવવામાં આવશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે.

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકો છે.

મકર: આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. નોકરીઓ ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે.

કુંભ: લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. કોઈ બાબતે બોસ સાથે મિટિંગ થઈ શકે છે, જ્યાં તમારા સૂચનોનું ધ્યાન રાખવામાં આવશે.

મીન: આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે.

# મંગલમ્ વિદ્યામંદિરનો વાર્ષિક ઉત્સવ ભવ્ય રીતે ઉજવાયો

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલા તાલુકાના ઠવી ગામે આવેલ સુપ્રસિદ્ધ અને શિક્ષણ ક્ષેત્રે સદા અગ્રેસર રહેતા મુરલીધર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મંગલમ વિદ્યામંદિરનો ૧૪મો વાર્ષિક ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાવરકુંડલા લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, મહામંડલેશ્વર જસુબાપુ હિપાવડલી, જયવીરનાથબાપુ મહાકાળી આશ્રમ હિપાવડલી, કથાકાર રવિરામબાપુ હરિયાણી જેવા સંતો, કથાકારો અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રસંગે મોટાભમોદ્રાના સરપંચ અને તાલુકા યુવા ભાજપ મંત્રી ભાવેશભાઈ ખૂંટ, ઠવી ગામના યુવા અગ્રણીઓ ભાવેશભાઈ ભુવા, અજયભાઈ ખુમાણ, તાલુકા પ્રમુખ જીવનભાઈ વેકરીયા, જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા, પત્રકાર અમિતગીરી ગોસ્વામી સહિત મોટી સંખ્યામાં વાલીગણ, વિદ્યાર્થીઓ અને સામાજિક રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમને સફળ બનાવવામાં શૈક્ષણિક સ્ટાફે ઘણી જહેમત ઉઠાવી હતી.







**તંત્રી લેખ**

# ૩૭૦ મી કલમ પુનઃસ્થાપિત કરવાના નિષ્ફળ પ્રયાસ

કાશ્મીરમાં જેવી ચૂંટણી પૂરી થઈ અને સરકાર બની કે તરત જ વિધાનસભામાં અલગાવવાદીઓએ ૩૭૦ મી કલમ પુનઃસ્થાપિત માટેની જોરદાર માંગ કરી અને તોફાનો કર્યા. ભાજપે ૩૭૦ મી કલમ વાપસીની નકલ ફાડી નાખતા જબરજસ્ત હોબાળો થયો. આ હોબાળો કરનારાઓ રાષ્ટ્ર વિરોધી તત્વો છે. તેઓ એમ માને છે કે કાશ્મીરમાં નવી સરકાર સ્થાપિત થતા પોતે મનમાની કરીને ૩૭૦ મી કલમ ફરી વખત લાવવા માટે સફળ થશે પરંતુ આ વસ્તુ કોઈ પણ સંજોગોમાં શક્ય જ નથી. કાશ્મીરમાં ફરી વખત અસ્થિરતા, આતંકવાદ અને હિન્દુઓને ટાર્ગેટ કરવા ષડયંત્રોથી રાજ્યને અસ્થિર કરીને પરાણે ૩૭૦મી કલમ લાદી દેવામાં આવે તેવા પ્રયાસો કરી રહ્યા છે. તાજેતરના આતંકી હુમલાના સંદર્ભમાં સરકારે સેનાને ખુલ્લી છૂટ આપી દેતા રાષ્ટ્ર વિરોધીઓ બોખલાયા છે. જમ્મુ અને કાશ્મીરની બંધારણસભા ૧૯૫૧માં રચાયેલી ૭૫ સભ્યોની એ સંસ્થા હતી જેણે જમ્મુ અને કાશ્મીર માટે બંધારણનો મુસદો તૈયાર કર્યો હતો. એ જ રીતે ભારતની બંધારણસભાએ ભારતીય બંધારણનો મુસદો ઘડ્યો હતો. નવેમ્બર ૧૯૫૬માં જમ્મુ-કાશ્મીર રાજ્યનું બંધારણ અમલમાં આવ્યું ત્યારપછી બંધારણસભાનું અસ્તિત્વ ખતમ થઈ ગયું. ભારતીય બંધારણને આ રાજ્યમાં લાગુ પાડવામાં અમુક મર્યાદાઓ હતી. ભારતીય બંધારણની કલમ ૧ ( ભારત એ રાજ્યોનો એક સંઘ છે) સિવાય એકપણ કલમ જમ્મુ કશ્મીરને લાગુ પડતી ન હતી. જમ્મુ-કાશ્મીર રાજ્યનું પોતાનું એક અલગ બંધારણ અસ્તિત્ત્વમાં હતું. ભાજપ લાંબા સમયથી આ કલમને કાશ્મીરને ભારત સાથે એકીકૃત કરવા માટેનો કાંટો માની રહ્યો હતો. તેના વચનપત્રમાં પણ પાર્ટીએ કહ્યું હતું કે તે ભારતીય બંધારણમાંથી કલમ ૩૭૦ અને ૩૫Aને હઠાવી દેશે. સમગ્ર ભારતીય બંધારણ હવે જમ્મુ અને કાશ્મીરને લાગુ પડશે. આ આદેશથી જમ્મુ અને કાશ્મીરને મળેલો વિશેષ દરજ્જો છીનવાઈ ગયો. ત્યારબાદ ઑગસ્ટ ૯ના રોજ સંસદે કાયદો પસાર કર્યો અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ એમ વહેંચી દેવામાં આવ્યું. જમ્મુ અને કશ્મીરને વિધાનસભા સાથેનો કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો અને લદ્દાખને વિધાનસભા વગરનો કેન્દ્રશાસિત પ્રદેશ બનાવાયો. જ્યારે રાષ્ટ્રપતિ શાસન હેઠળ રાજ્ય હોય ત્યારે આ સુધારો થઈ શકે નહીં. કારણ કે એ સમયે રાજ્યપાલે વિધાનસભાની જગ્યા લીધી હતી જેમની નિમણૂક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી હતી. તેમણે જ આ સુધારાને પસાર કરતી વખતે અને બાદમાં કલમ ૩૭૦ હઠાવતી વખતે વિધાનસભાની જગ્યા લઈ લીધી હતી.સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે કલમ ૩૭૦(૩) હેઠળ રાષ્ટ્રપતિને કલમ ૩૭૦ નિષ્પ્રભાવી કરવાનો અધિકાર છે." કોર્ટ રાષ્ટ્રપતિના નિર્ણયો પર કરવામાં આવેલી અપીલ પર સુનાવણી કરી શકે નહીં. જોકે, કોઈપણ નિર્ણય ન્યાયિક સમીક્ષાની બહાર નથી. પરંતુ ૩૭૦(૧)(ડી) હેઠળ કરવામાં આવેલા ઘણા બંધારણીય આદેશો દર્શાવે છે કે કેન્દ્ર અને રાજ્યએ એક સહયોગી પ્રક્રિયાને અનુસરી છે. આ પ્રક્રિયા દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં ભારતનું બંધારણ લાગુ કરવામાં આવ્યું છે.

# ઓનલાઇન શોપિંગની વરવી વાસ્તવિકતા

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

હોમ શોપિંગથી સમયની બચત થાય છે તેમ ધનવાનન મહિલાઓ માને છે. પરંતુ જ્યારે ગરીબ અને મધ્યમ વર્ગની મહિલાઓ તેને કહે છે કે લોકલ માર્કેટમાં ખરીદવાથી કેટલું સસ્તું પડે છે પછી ભલે બજારમાં જવાનો સમય બગડે. બજારમાં ખરીદી કરવા જવાના અનેક ફાયદા છે. પહેલી વસ્તુ જુદી જુદી દુકાને ફરીને ભાવતાલ કરી શકાય અને સારી વસ્તુ ઓછા ભાવે ખરીદી શકાય છે. જ્યારે ઓનલાઈન શોપિંગમાં આવી કોઈ શક્યતા જ નથી એટલે શોપિંગ કરવાનો આનંદ બજારમાં જવાનો છે. બીજી બાજુ મહિલાઓ માને છે કે હવે તો નાનકડા મોબાઈલથી જ ઘણું બધું ખરીદી શકાય છે, ટીવીની જાહેરાત જોઈને તરત ઓર્ડર આપી શકાય છે. શોપિંગ કરવા માટે ક્યાંય જવાની જરૂર નથી, કારણ કે આ તો ઘરેથી જ ઈન્ટરનેટ અથવા તો પછી મોબાઈલ દ્વારા કરી શકાય છે. હવે ટીવી પર પ્રસારિત થતી શોપિંગ ચેનલોના કાર્યક્રમ રસપ્રદ રીતે તૈયાર કરવામાં આવે છે. ઘરના નાનાંમોટાં કામ કરતાં-કરતાં ટીવી તો જોઈ જ શકાય છે. આ કાર્યક્રમ નવાંનવાં ઉત્પાદનોની જાણકારી આપે છે, જેના દ્વારા ફર્નિચર, ઈલેક્ટ્રોનિક આઈટમ્સ, હોમ ફર્નિશિંગ આઈટમ્સ, મોબાઈલ, જવેલરી અને ડિઝાઈનર કપડાં સહેલાઈથી ખરીદી શકાય છે. પસંદગીના ઉત્પાદનનો કોડ ચેનલ પર દર્શાવવામાં આવી રહેલા નંબર પર ફોન કરીને ઓર્ડર આપો. કોઈ પ્રકારની શંકા થાય તો ઘરે બેઠા ખરીદો ઘણુંબધું. હોમ શોપિંગ કરવા માટે ક્યાંય જવાની જરૂર નથી, કારણ કે આ તો ઘરેથી જ મોબાઈલ દ્વારા કરી શકાય છે. હવે ટીવી પર પ્રસારિત થતા શોપિંગના કાર્યક્રમ રસપ્રદ રીતે તૈયાર કરવામાં છે. ઘરના નાનાંમોટાં કામ કરતાં કરતાં જોઈ જ શકાય છે. આ કાર્યક્રમમાં ઉત્પાદનોની જાણકારી આપે છે, જેમાં ફર્નિચર, ઈલેક્ટ્રોનિક આઈટમ્સ, હોમ આઈટમ્સ, મોબાઈલ, જવેલરી અને કપડાં સહેલાઈથી ખરીદી શકાય છે. મનપસંદ ઉત્પાદનનો કોડ ચેનલ પર આવી રહેલા નંબર પર ફોન કરીને આપો. કોઈ પ્રકારની શંકા થાય તો સલાહ લેવા માટે ચેનલના શોપિંગ કન્સલ્ટન્ટ સાથે પણ વાત કરી શકાય છે. કેટલીક ચેનલોનું ખાસ બ્રાન્ડ્સ સાથે ટાઈઅપ હોય છે અને ચેનલના માધ્યમથી આ જાણીતી બ્રાન્ડ્સની વસ્તુઓ પણ ખરીદી શકાય છે. મોબાઈલથી ઓર્ડર આપ્યા પછી સામાન્ય રીતે ૫-૭ દિવસમાં પ્રોડક્ટ ઘરે પહોંચી જાય છે. પ્રોડક્ટની બનાવટમાં કોઈપણ પ્રકારની ગરબડ જણાય તો ગ્રાહકે તરત કંપનીમાં જાણ કરવી જોઈએ, પ્રોડકટને બદલવા માટે દરેક ચેનલના નિયમ જુદાજુદા હોય છે. તેથી શોપિંગ પહેલાં ચેનલની શરતો જાણી લો. ઓનલાઈન શોપિંગ એ આરામદાયી શોપિંગ છે. હોમ શોપિંગ કરવાથી બજારમાં જવાનો સમય તો બચે જ છે. થાક પણ નથી લાગતો. શોપિંગ ચેનલના માધ્યમથી શોપિંગ કરવું સહેલું તો હોય જ છે, તેની પર પ્રસારિત કાર્યક્રમ મનોરંજન પણ કરે છે બજારમાં શોપિંગ કરવામાં ગ્રાહક પાસે મર્યાદિત સમય હોય છે. જ્યારે હોમ શોપિંગમાં સમયની મર્યાદા નથી રહેતી. વ્યક્તિ કોઈપણ પ્રકારના દબાણમાં આવ્યા વિના વિચારીને સામાન ખરીદે છે. હોમ શોપિંગમાં ગ્રાહકોને પ્રોડક્ટસની ઘણી વેરાઈટી જોવા મળે છે. જુદી જુદી




પ્રોડક્ટસનો ભંડાર જોયા પછી તે સર્વશ્રેષ્ઠ વસ્તુની પસંદગી કરી શકે છે. હોમ શોપિંગ કરવામાં ગ્રાહક ત્યારે જ પૈસા ચૂકવે છે, જ્યારે તેના ઘરે વસ્તુ યોગ્ય રીતે પહોંચી જાય છે. રોકડ, ડ્રાફ્ટ અથવા ચેક સિવાય ક્રેડિટ કાર્ડથી પણ પૈસા ચૂકવી શકો છો. કેટલીક વસ્તુઓ પર ઈએમઆઈથી પૈસા ચૂકવવાની સગવડ પણ મળે છે. હોમ શોપિંગમાં બજારની સરખામણીએ આકર્ષક વળતરની તક વધારે મળે છે. આ મહત્ત્વની વાત શોપિંગને વધારે કરકસરભર્યું બનાવે છે. આ તમામ ફાયદાઓ હોવા છતાં આજે લાખો લોકો ઓનલાઈન શોપિંગ કરીને છેતરાય છે. ઓનલાઈન વસ્તુ મંગાવી એમ કહીને ગર્વ અનુભવતા લોકોની સંખ્યા આજે નાની-સુની નથી. રાકેશભાઈએ ડિજિટલ વોચ ઓનલાઈન મંગાવી જેમાં ૩૦૦૦ રૂપિયા કપાયા બીજે દિવસે કોલેજમાં જઈને બણગા ફૂંક્યા કે ઓનલાઈન ૩૦૦૦ રૂપિયામાં આ ઘડિયાળ ખરીદી છે તો સામે પક્ષે રમેશે કહ્યું કે જો તારા જેવી જ ઘડિયાળ છે ને ? કાંઈ ફેરફાર છે? આ ઘડિયાળ માત્ર ૧૨૦૦ રૂપિયામાં ભાવનગરની બજારમાંથી ખરીદી છે. જોઈ લે તારી ને મારી ઘડિયાળમાં કોઈ ફેરફાર છે? આ જોઈને સામેવાળા મિત્રનું મોઢું પડી ગયું અને તેણે મનોમન નક્કી કર્યું કે પોતે ઓનલાઈન શોપિંગ કરતા છેતરાયો છે. ઓનલાઈન કોમર્શિયલ કંપનીઓ એકની એક વસ્તુ વારંવાર દેખાડીને લોકોના મન પર એક પ્રકારનું હેમરીંગ કરીને તેને તે વસ્તુ ખરીદવા માટે મજબૂર કરે છે. બીજી બાજુ ટીવી પર આકર્ષક જાહેરાતો ખૂબ જ પ્રભાવશાળી રીતે પ્રસ્તુત કરીને લલચાવે છે અને લોકો તાત્કાલિક મોબાઈલ હાથમાં લઈને આ વસ્તુઓ ઓનલાઈન મંગાવે છે પરંતુ જ્યારે ખબર પડે કે આ જ વસ્તુ ભાવનગરની બજારમાં સહેલાઈથી ઓછી કિંમતે ઉપલબ્ધ છે ત્યારે તે ભોઠપ અનુભવે છે. લોકલ બજારમાંથી ખરીદવાનો સૌથી મોટો ફાયદો એ થાય છે કે તમે વેપારીને ઓળખો છો વેપારી સાથે તમારો સંબંધ છે એટલે તે તમારી સાથે બને ત્યાં સુધી છેતરપિંડી નહીં કરે. અહીં વિશ્વાસનો પ્રશ્ન છે. જ્યારે કોમર્શિયલ કંપનીમાં આવી કોઈ વસ્તુ આવતી જ નથી. એક વખત વસ્તુ મંગાવી એટલે વાત પૂરી થઈ ગઈ પરંતુ અમુક ઓનલાઈન કંપનીઓ વસ્તુને રિપ્લેસ કરવાની ગેરંટી આપે છે, પાછી મોકલવાની ગેરંટી આપે છે, પૈસા પછી ચૂકવવાની ગેરંટી આપે છે. પરંતુ આ ગેરેન્ટી પૂરી કરવામાં કેટલો સમય લાગે તે નક્કી નથી. વસ્તુ તમારા ખર્ચે અને તમારા જોખમે મોકલવાની હોય છે. આ બાબતમાં કોઈ પૂછપરછ કરવાની હોતી નથી. પૂછપરછ કરો તો કોઈ જવાબ મળતો નથી. આ બધી યુક્તિઓ છે. આમ છતાં ઓનલાઈન છેતરપિંડીના કેસો ઓછા નથી. એક ને બદલે બીજી વસ્તુ મોકલવામાં આવે, વસ્તુની ક્વોલિટી હલકી હોય અને પાછળથી લાંબા સમય સુધી જવાબ દેવામાં ન આવે એવું અનેક વાર બને છે. હવે તો શાકભાજી પણ ઓનલાઈન મળે છે. પરંતુ રીંગણા ને બદલે બટેટા આવી જાય તો તમે શું કરો? પરંતુ આના કારણે તમારા આંગણામાં જે માણસ પાંચ કિલોમીટર દૂરથી હાથલારી ઢસડીને લાવે છે. તેનું ગુજરાન કેવી રીતે ચાલશે.? કોઈ વસ્તુ ઓનલાઈન મંગાવો તો તેનો નફો વિરાટકાય કંપનીમાં જમા થઈ જાય છે પરંતુ આપણા જ બજારમાં વ્યાપાર કરતા વેપારીઓને ખોટ જાય છે. બજારના પ્રમાણિક વેપારીઓને આનાથી સહન કરવું પડે છે. આજે માર્કેટમાં ૧૦૦ / ૨૦૦ વર્ષ જૂની પ્રતિષ્ઠિત પેઢીઓ છે તેઓ કદી કોઈ સાથે છેતરપિંડી કરતા નથી, તેની ગુડવીલ છે. આવી ગુડવીલ હજુ સુધી મલ્ટીનેશનલ કંપની કરી શકે નહી તે પણ એક હકીકત છે. આ બધું જોતા આપણે સર્વે આપણી લોકલ માર્કેટમાંથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો જોઈએ જેથી આપણા પૈસા આપણા દેશમાં જ રહે. આ વસ્તુ સમજવી જોઈએ અને રાષ્ટ્ર સર્વોપરી છે એ ભાવનાને મહત્વ આપવું જોઈએ.

**દિવાળીના સમયમાં લોકોએ મોટા પ્રમાણમાં ઓનલાઈન શોપિંગની મજા માણી. સમયની અને શક્તિની કેટલી બચત થઈ તેની ચર્ચાઓ ચાલી પરંતુ લોકલ માર્કેટમાંથી ખરીદવાથી કેટલી બચત થઈ તેની વાસ્તવિકતા સામે આવી ત્યારે ખબર પડી કે પોતે છેતરાયા છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૭૫ | ૧૫૫૦ |
| ઘઉં લોકવન | ૫૮૫ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૫૬ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૪૫ |
| જુવાર લાલ | ૭૦૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૩૫૦ | ૫૫૧ |
| તુવેર | ૯૦૦ | ૨૦૦૪ |
| ચણા પીળા | ૧૦૭૦ | ૧૩૬૫ |
| ચણા સફેદ | ૧૯૦૦ | ૨૮૧૩ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૩૭ |
| મગ | ૯૫૦ | ૧૫૭૪ |
| વાલ દેશી | ૧૩૦૦ | ૧૮૧૧ |
| વાલ પાપડી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ચોળી | ૧૧૫૦ | ૨૨૪૦ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૪૫૫ |
| મગફળી જાડી | ૯૧૦ | ૧૨૩૦ |
| મગફળી જીણી | ૯૬૦ | ૧૧૯૦ |
| તલી | ૨૦૦૦ | ૨૫૫૦ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૭૦ |
| સુવા | ૬૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૫ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૪૦૦૦ |
| લસણ | ૪૨૦૦ | ૬૪૦૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૫૩૫ |
| ધાણી | ૧૩૦૦ | ૧૫૭૦ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૩૪૦ |
| જીરૂ | ૪૩૫૦ | ૪૮૪૫ |
| રાય | ૧૦૬૦ | ૧૩૩૩ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૫૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૧૪૦ |
| રજકાનું બી | ૪૨૫૦ | ૫૨૧૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૭૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૮૦૦ | ૧૪૦૦ |
| બટેટા | ૩૫૦ | ૭૫૦ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૭૫૦ |
| ટમેટા | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૬૦૦ | ૧૨૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૪૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૯૦૦ |
| ચોળાસીંગ | ૫૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૫૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગાજર | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૫૦૦ | ૭૦૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૮૨ | ૧૧૭૫ |
| શિંગ મોટી | ૭૬૦ | ૧૩૭૦ |
| શિંગફાડા | ૯૯૫ | ૧૧૫૧ |
| તલસફેદ | ૧૬૦૦ | ૨૫૨૫ |
| તલકાળા | ૨૭૯૦ | ૪૦૨૫ |
| બાજરો | ૪૭૦ | ૫૮૪ |
| જુવાર | ૬૪૦ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૫૩૭ | ૬૭૨ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૪૨ |
| મગ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| અડદ | ૮૮૦ | ૧૪૯૦ |
| ચણા | ૮૫૦ | ૧૪૧૬ |
| કપાસ | ૭૬૦ | ૧૬૦૬ |
| એરંડા | ૧૦૮૦ | ૧૨૨૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૬૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૩૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૭૪ |
| મેથી | ૯૦૦ | ૧૧૧૨ |
| રજકાનું બી | ૩૯૦૦ | ૫૧૦૦ |
| મરચા | ૭૫૦ | ૧૦૦૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૯૦ | ૬૧૦ |
| રીંગણાં | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ફુલાવર | ૯૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૧૧૦૦ | ૧૨૦૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ચોળા લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૦૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૩૦૦ | ૮૭૫ |
| મકાઈ | ૩૦૦ | ૩૫૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| નવીડુંગળી | ૨૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૬૩૦ |
| કપાસ કોડી | ૧૧૨૦ | ૧૩૪૦ |
| મગફળી નવી | ૧૦૯૦ | ૧૩૪૦ |
| અડદ | ૧૧૮૫ | ૧૩૫૫ |
| ઘઉં | ૫૦૮ | ૬૪૨ |
| સોયાબીન | ૭૭૮ | ૮૧૨ |
| તલ સફેદ | ૨૦૮૦ | ૨૩૫૦ |
| જીરૂ | ૪૦૧૦ | ૪૬૦૦ |
| ચણા | ૧૧૨૯ | ૧૩૧૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૦૦ | ૧૧૨૧ |
| શીંગ મોટી | ૯૦૦ | ૧૨૩૬ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૪૮૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૫૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૫૩૨ | ૬૬૦ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૩૩ |
| બાજરો | ૪૨૫ | ૪૯૦ |
| મકાઈ | ૪૦૪ | --- |
| અડદ | ૧૦૭૫ | ૧૬૦૦ |
| ચણા | ૧૨૭૮ | ૧૪૧૧ |
| સોયાબીન | ૬૬૭ | ૭૯૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી | ૭૪૨ | ૧૦૨૧ |
| ઘઉ | ૫૩૭ | ૫૮૧ |
| ચણા | ૯૪૦ | ૧૫૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૦૫ | ૮૧૫ |
| ધાણા | ૧૩૫૧ | ૧૩૫૧ |
| સિંગદાણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૩૫ |
| ઘઉ લોકવન | ૪૬૫ | ૬૩૦ |
| ઘઉ ટુકડા | ૫૧૦ | ૬૨૯ |
| ચણાસફેદ | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ચણા | ૧૦૭૨ | ૧૩૨૦ |
| જીરૂ | ૪૪૭૫ | ૪૪૭૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૧૪૨ | ૧૨૦૭ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| બાજરો | ૪૦૭ | ૪૦૭ |
| શીંગદાણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૯૦ |
| જુવાર | ૭૩૦ | ૭૩૦ |
| મગફળી | ૭૨૫ | ૯૪૦ |
| મેથી | ૯૨૫ | ૯૨૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૨૨ | ૧૫૭૬ |
| મગફળી | ૯૦૩ | ૧૧૨૧ |
| સોયાબીન | ૭૭૫ | ૮૪૧ |
| બાજરો | ૪૦૮ | ૪૦૮ |
| જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૪૦ | ૧૨૬૨ |
| તલસફેદ | ૧૮૦૦ | ૨૩૭૧ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૦ |
| બાજરો | ૫૬૧ | ૫૬૯ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૬૬૭ |
| જુવાર | ૪૭૧ | ૮૦૭ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૪૦૧૨ | ૪૦૧૨ |
| સોયાબીન | ૭૯૨ | ૮૨૬ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ધાણા | ૯૦૦ | ૯૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૪૨૦ | ૧૫૫૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૬૦ |
| બાજરો | ૨૬૦ | ૫૮૦ |
| ઘઉં | ૫૧૮ | ૬૩૧ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૧૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૩૧ |
| ચણા સફેદ | ૨૨૦૦ | ૨૬૦૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૨૨૦૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૭૫ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૫૬ |
| તલ | ૨૦૦૦ | ૨૨૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૨૫ |
| લસણ | ૪૦૮૦ | ૫૮૦૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૯૦ |
| અજમો | ૧૫૦૦ | ૩૨૬૦ |
| ધાણા | ૧૧૮૦ | ૧૩૧૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૭૫ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૨૫૧ | ૧૫૮૬ |
| શીંગ ૩૯ | ૯૬૬ | ૧૧૯૨ |
| શીંગ | ૯૫૧ | ૧૦૯૬ |
| શીંગ જી૨૦ | ૧૦૦૧ | ૧૨૨૬ |
| એરંડા | ૧૨૬૩ | ૧૨૬૩ |
| જુવાર | ૪૭૧ | ૮૮૯ |
| બાજરી | ૪૧૧ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૭૫૧ |
| અડદ | ૭૦૦ | ૧૫૪૦ |
| સોયાબીન | ૫૫૬ | ૮૮૪ |
| તલ સફેદ | ૧૯૧૦ | ૨૩૫૪ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૮૭૨ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૯૨૫ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૧૩૦૦ |
| કપાસ શંકર | ૧૨૨૪ | ૧૫૦૧ |
| નાળીયેર | ૬૪૫ | ૨૮૦૬ |
| **કોડીનાર** | | |
| મગફળીજી૨૦ | ૭૮૬ | ૧૨૦૨ |
| મગફળી૩૨નં | ૭૦૦ | ૧૦૧૨ |
| બાજરી | ૪૫૦ | ૫૪૫ |
| ઘઉં | ૪૮૦ | ૬૩૪ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૧૮ |
| સફેદતલ | ૨૦૦૦ | ૨૩૧૮ |
| કાળાતલ | ૩૦૫૦ | ૩૭૦૫ |
| સોયાબીન | ૬૩૬ | ૮૮૧ |
| જુવાર | ૬૫૦ | ૮૧૪ |
| અડદ | ૬૪૦ | ૧૫૩૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૧૪ |
| કપાસ | ૯૦૦ | ૧૪૨૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૯૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૬૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૧૪૧ |
| શિંગફાડા | ૭૦૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૧૫ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૩૨૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૫૯ |

## શબ્દ સંજોગ-૧૮૯૮



**આડી ચાવી :**
(૧) વૈશાખ સુદ-૩ઃ...જયંતી (૫)
(૪) શક્તિમાન, પૈસાદાર (૩)
(૬) પથ્થર કે ફૂલ ફિલ્મથી કારકિર્દી શરૂ કરનાર અભિનેત્રી (૩)
(૭) બાણ, શર (૨)
(૯) નાનો ફાકો (૨)
(૧૦) તપવુ તે (૩)
(૧૨) ચિંતન (૩)
(૧૩) માશુકા, પ્રિયા (૩)
(૧૪) શિક્ષા (૨)
(૧૫) "...રે જૂઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ...." (૩)
(૧૭) પંજાબમાં આવેલી એક નદી (૨)
(૧૮) ગગન, આકાશ (૨)
(૨૦) થોડા વાળની સેર (૨)
(૨૨) ફૂલ પર ભમ્યા કરતુ જંતુ (૩)
(૨૫) આજકાલ.....કલ્ચર ખૂબ વધ્યુ છે (૪)
(૨૬) મચ્છર, ડાંસ (૪)
(૨૮) વિશ્વનું એક શહેર (૩)

**ઉભી ચાવી :**
(૧) પારસીઓનો તહેવાર (૩)
(૨) એક ચોઘડિયું (૨)
(૩) મહામારી, ઘણા લોકો મરે એવો રોગ (૩)
(૪) શાશ્વત (૪)
(૫) દાંત (૩)
(૮) હિજરી સનનો નવમો માસ (૪)
(૯) બત્તી, દીવો (૩)
(૧૧) મહેંક, ખુશ્બુ (૪)
(૧૩) સૂર્ય (અંગ્રેજીમાં) (૨)
(૧૬) આખી જીંદગી (૩)
(૧૯) ભપકો, રોફ (૩)
(૨૦) એક તેજાનો (૩)
(૨૧) હિરોઈન શિલ્પા શેટ્ટીની બહેનનું નામ (૩)
(૨૩) જખમ પર લગાડવામાં આવે (૩)
(૨૪) મીઠું ચાખી જુઓ, કેવુ લાગ્યુ ? (૨)
(૨૬) ઘણા દિવસનું ભૂખ્યું (૨)
(૨૭) સત્ય, સાચું (૨)

## શબ્દ સંજોગ-૧૮૯૭ જવાબ

**આડી ચાવી:** (૧) ચારુવ્રતા (૫) સદા (૭) જગ (૮) તકલાદી (૯) ખાજા (૧૧) ડોલર (૧૩) નીમચા (૧૬) વા (૧૭) નર (૧૮) વરખડી (૨૧) ખગ (૨૨) હેં (૨૩) ડગ (૨૫) ગોર (૨૭) શાસન (૨૯) લેખન (૩૧) જગર (૩૩) અબીલ (૩૪) તરજ.
**ઉભી ચાવી:** (૧) ચારખાની (૨) વ્રજ (૩) તગડો (૪) તેતર (૫) સલામ (૬) દાદી (૧૦) જામનગર (૧૨) લગાવ (૧૪) ચોર (૧૫) ભેખ (૧૯) રકાસ (૨૦) ડીડ (૨૧) ખગોળ (૨૪) ગજજર (૨૬) જલેબી (૨૭) શાન (૨૮) નજર (૩૦) ખલ (૩૨) ગજ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ૨૦ કરોડના ખર્ચે રાજકોટમાં રાજ્યનો ત્રીજો લાયન સફારી પાર્ક બનશે

રાજકોટ,તા.૦૮

દેશ-વિદેશનાં લોકોમાં સિંહનું ખાસ આકર્ષણ છે. સામાન્ય રીતે લોકો સિંહ જોવા માટે જૂનાગઢ, સાસણ અને ધારી જતા હોય છે, પરંતુ હવે રાજકોટમાં પણ સિંહદર્શન કરી શકાશે. મનપા દ્વારા પ્રદ્યુમન પાર્ક નજીક રૂ. ૨૦ કરોડથી વધુના ખર્ચે ગુજરાતનાં ત્રીજા લાયન સફારી પાર્કનું ૮૫ એકર કરતા વધારે જગ્યામાં નિર્માણ કરવામાં આવી રહ્યું છે. થોડા મહિના અગાઉ કેન્દ્ર




સરકાર દ્વારા આ માટેની મંજૂરી આપી દેવામાં આવી હતી. જેને લઈ મનપા દ્વારા અહીં કમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આગામી દોઢ-બે વર્ષ બાદ મુસાફરો જીપમાં બેસીને અહીં સિંહદર્શન કરી શકશે. મનપાની સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન જયમીન ઠાકરનાં જણાવ્યા અનુસાર, પ્રદ્યુમન પાર્ક ઝૂની નજીક લાલપરી તળાવ પાસે મનપા દ્વારા એશિયાટિક લાયન સફારી પાર્ક બનાવવા માટે કેન્દ્ર સરકાર પાસે મંજૂરી માંગવામાં આવી હતી. ગત ડિસેમ્બરમાં આ પરમિશન મળી જતા આ માટે જમીન સંપાદન સહિતની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી પૂર્ણ થતાં હવે અંદાજે ૨૯ હેક્ટર એટલે કે, ૮૫ એકર જેટલી જગ્યામાં લાયન સફારી પાર્ક બનાવવાનો નિર્ણય લેવાયો છે.

# જામનગરના ચાંપાબેરાજા ગામે દંપતીએ કર્યો આપઘાતનો પ્રયાસ, પતિનું થયુ મોત

**પત્નીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી**

જામનગર,તા.૦૮

જામનગર તાલુકાના ચાંપાબેરાજા ગામના વતની ભદ્રેશસિંહ મંગુભાઈ જાડેજા (ઉ.૩૪) કે જેઓ અગાઉ અમદાવાદમાં રહેતા હતા, અને એક કારખાનામાં કામ કરતા હતા. ત્યાં તેઓની હાથની આંગળી કપાઈ ગઈ હતી, અને કામ કરી શકતા ન હતા. દરમિયાન તેઓ જામનગર પોતાના વતન ચાંપાબેરાજા ગામે આવી ગયા હતા અને ગત ૨૭મી તારીખે રાત્રિના સમયે ભદ્રેશસિંહે પોતાની હાથની તકલીફના કારણે જિંદગીથી તંગ આવી જઈ ઘરમાં પડેલી ઝેરી દવા પી લીધી હતી. આ વેળાએ તેમના



પત્ની હિરલબા ભદ્રસિંહ જાડેજા કે જેઓ જોઈ ગયા હતા, અને પતિના હાથમાંથી ઝેરી દવાની બોટલ ઝુંટવી લઈ પોતે પણ ઘુંટડો મારી લીધો હતો. આ બનાવ બાદ પતિ-પત્ની બંનેને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, ત્યાં સારવાર દરમિયાન ભદ્રેશસિંહ જાડેજાનું મૃત્યુ નિપજ્યું હતું. જોકે પત્ની હિરલબાની તબિયતમાં સુધારો થતાં તેણીને જી.જી. હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું હવાઈ મથક ખાતે સ્વાગત કરતા યુવા નેતા મનીષ સંઘાણી



અમરેલી, તા.૦૮

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ ખાતે શ્રી ભગવાનબાપાની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ, ખાતમૂર્હત અને નવીનીકરણોનાં ત્રિવિધ કાર્યક્રમ માટે આવેલા મુખ્યંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું અમરેલી હવાઈ મથકે ગુજરાત પ્રદેશ યુવા મોરચાનાં ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીએ સ્વાગત કર્યું હતું.

# વીરપુરમાં જલારામ બાપાની ૨૨૫મી જન્મજયંતીની ઉજવણી

વીરપુર, તા.૦૮

વીરપુરમાં શુક્રવારે જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે દેશ-વિદેશથી લાખો ભક્તો જલારામબાપાના દર્શને ઉમટી પડ્યા હતા. વીરપુરમાં મોડી રાતથી જલારામ બાપાના દર્શન કરવા માટે ભક્તોની લાગી લાંબી લાઈનો લાગી હતી.



વીરપુરમાં ઘર આંગણે લોકોએ અવનવી રંગોળીઓ બનાવી હતી. આ ઉપરાંત જલારામ બાપાના જીવન ચરિત્રની પણ રંગોળીઓ બનાવી હતી. આ નિમિત્તે વીરપુરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું હતું. અલગ અલગ ચોક અને રસ્તામાં જલારામબાપાના ફ્લોટ જોવા મળ્યા હતા. જલારામ જયંતીને લઈને મુખ્ય માર્ગો પર શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. જલારામ જયંતી નિમિત્તે દર્શને આવતા ભક્તો અને વીરપુરવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# કોડીનારમાં મોટર રિવાઈડિંગની દુકાનમાં અજગર આવી ચડ્યો

કોડીનાર તા.૦૮

કોડીનાર રોણાજ રોડ ઉપર આવેલ મોટર રિવાઈડિંગની દુકાનમાં ગત રાત્રિના મહાકાય અજગર ઘૂસી ગયો હતો. જે અંગે દુકાન



માલિકે વનવિભાગને જાણ કરતા જામવાળા વન વિભાગ ફોરેસ્ટર એમ.આર. રાઠોડ, ટીનાભાઈ અને અલીભાઈ સહિતની રેસ્કયુ ટીમ તાત્કાલિક પહોંચી હતી અને દુકાનની અંદર ઘૂસેલા અજગરનું રેસ્ક્યું કર્યું હતું. અજગરની જાણ થતા શહેરનાં યુવાઓ મોટી સંખ્યામાં જોવા માટે પહોંચ્યા હતા.

# કોડીનારના કનકાઈ માતાજીના નૂતન મંદિરનો ત્રિદિવસીય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

કોડીનાર તા. ૦૮

કોડીનારના કાળભૈરવ દાદાના સાનિધ્યમાં આવેલ કનકાઈ માતાજીના અતિ પૌરાણિક નવનિર્મિત મંદિર ખાતે ત્રિદિવસીય પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો હતો. ૮૪ જ્ઞાતિના કુળદેવી કનકાઈ માતાજીના કોડીનારના શિંગોડા નદી કાઠે આવેલ આ સદી પુરાણું મંદિર છેલ્લા છ વર્ષથી નવા રૂપરંગમાં આકાર લઈ રહ્યું હતું જે



મંદિરનું કાર્ય પૂરું થતાં જ નવા વર્ષે માતાજીની નીજ મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. તારીખ ૪, ૫ અને ૬ એમ ત્રણ દિવસના કાર્યક્રમ દરમિયાન પૂજા અર્ચના અને નગરયાત્રા સહિતના અનેક વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. ત્રણ દિવસના આ ધાર્મિક કાર્યક્રમના આચાર્ય પદે ડો.કૃષ્ણપ્રસાદ જાની, સોમનાથ પાટણના વિરાટભાઈ શાસ્ત્રી, નિલેશદાદા, ભાવેશભાઈ શાસ્ત્રી ગૌરાંગદાદા, સાગરદાદા પંડ્યા, મનુદાદા અને પાર્થદાદા સાથે શાસ્ત્રોક્ત વિધિમાં જોડાયા હતા. ત્રણ દિવસના કાર્યક્રમમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને પૂજા અર્ચનાનો લાભ લીધો હતો.

# નિતીન જાની (ખજૂર) રામઢોરામાં કડિયા કારીગર પરિવારના મહેમાન બન્યા

**જાફરાબાદમાં ખજૂરભાઈનો પ્રવાસ, વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરો સાથે મુલાકાત**

જાફરાબાદ, તા.૦૮

જાફરાબાદના રામઢોરામાં ગુજરાતના જાણીતા સેવાભાવી ખજૂરભાઈ (નિતીન જાની) આજે પોતાની સાથે કામ કરતા કડિયા




તસવીર : બાબુભાઈ વાઢેળ

કારીગર જીવનભાઈના ઘરે પહોંચ્યા હતા. તેમણે પરિવારને નવા વર્ષની શુભકામના પાઠવી હતી. ખજૂરભાઈની આ અચાનક મુલાકાતથી સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ છવાયો હતો. આ ઉપરાંત, ખજૂરભાઈએ જાફરાબાદના વિશ્વ હિંદુ પરિષદના કાર્યકરો સાથે પણ મુલાકાત કરી હતી. શ્રી રામ મિત્ર મંડળ રામઢોરા ઓફિસ ખાતે તેમણે કાર્યકરો સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરી હતી. ખજૂરભાઈને નજીકથી જોવા અને તેમની સાથે સેલ્ફી લેવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ખાસ કરીને રામઢોરાની બહેનોએ તેમનું સ્વાગત કર્યું હતું. ખજૂરભાઈએ સૌ કોઈનો આભાર માનીને તેમની સાથે સમય વિતાવ્યો હતો.

# દીવમાં ફરવા ગયેલા બે મુસાફરો પાસેથી ચાકુની અણીએ મોબાઈલ, રોકડની લૂંટ

**સીસીટીવીના આધારે પોલીસે તપાસ શરૂ કરી**

ગીરસોમનાથ,તા.૦૮

દિવાળી વેકેશનમાં દીવ પ્રવાસીઓથી ઉભરાયું છે. આવામાં દીવ ફરવા આવનાર પર્યટકો માટે લાલબત્તી સમાન કિસ્સો બન્યો છે. બે પર્યટકો ચાકુની અણીએ લૂંટાયા છે. બોટાદ જિલ્લાના સ્વામીના ગઢડાથી બાઈક પર આવેલા બે પિતરાઈ ભાઈઓ દીવ ફરવા આવતા રાત્રિના સમયે લૂંટાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ દીવની તમામ હોટલ હાઉસફુલ છે. રાત્રિના સમયે દીવમાં દિવાળીની સિઝન હોવાથી રહેવા હોટેલ રૂમ નહિ મળતાં રૂમ આપવાના બહાને બંને યુવકોને અન્ય બાઈક પર આવેલા બે શખ્સોએ લૂંટ્યા હતા. કેન્દ્રશાસિત પ્રદેશ દીવની બહાર ઉના તાલુકાના નાળીયા માંડવી ગામના અવાવરું વિસ્તારમાં લઈ જઈ છરીની અણીએ બંને યુવકો પાસેથી ત્રણ મોબાઈલ અને ૧૧ હજાર રોકડની લૂંટ ચલાવી હતી. નવાબંદર મરીન પોલીસને જાણ થતાં રાત્રિના સમયે તપાસ આદરી હતી. સીસીટીવીના આધારે પોલીસે બે ઈસમોને ગણતરીની કલાકોમાં જ રાઉન્ડ અપ કર્યા હતા. હાલ સીસીટીવી દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

# જાફરાબાદમાં ફટાકડાના ઘા કરવાની ના પાડતાં જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૦૮

જાફરાબાદમાં રહેતા એક યુવકે ફટાકડાના ઘા કરવાની ના પાડતાં તેમને ઢીકાપાટુનો મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે દિનેશભાઈ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૩૦)એ હેમાંગભાઈ કરશનભાઈ, સનીબેન કરશનભાઈ, કૃણાલભાઈ, ધ્રુવભાઈ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ કામનાથ મંદિરની પાસે બેઠા હતા. જ્યાં આરોપીઓ તેમની પાસે ફટાકડાના ઘા કરતા હતા. જેથી તેમણે આરોપીઓને ફટાકડાના ઘા કરવાની ના પાડતા સારૂ નહોતું લાગ્યું અને જેમફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ લાકડાના ધોકા વડે ફટકારી, મુંઢ ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# હાઈવે ઓથોરિટીના પાપે સોમનાથ ભાવનગર નેશનલ હાઈવે ઉપર છાશવારે થતા અકસ્માતો

સોમનાથ, તા.૦૮

સોમનાથ ભાવનગર નેશનલ હાઈવેના અધૂરા કામના પાપે કોડીનારથી મીતીયાજ ગામે તેમના સંબંધીને મળવા જતા એક પરિવારની કાર નેશનલ હાઈવેના ચાલુ કામના રોડ પર માટીના ઢગલા ઉપર અચાનક ઘૂસી જતાં ગમખ્વાર ઘટના બનવા પામી હતી. નેશનલ હાઈવેના અધિકારીઓના ઘોર



પાપે થયેલા આ અકસ્માતમાં સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નહોતી. વાહન ચાલકે આ અકસ્માતમાં નેશનલ હાઈવે ઓથોરિટીને જવાબદાર ગણીને તેમની સામે એફ.આઈ.આર દાખલ કરવા ઉગ્ર રજૂઆતો કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ કોડીનાર તાલુકાના માલ ગામ પાસે નેશનલ હાઈવેના ચાલુ કામના રોડ વચ્ચે પડેલા માટીના ઢગલામાં અથડાઈને એક મોટરસાયકલ સવારનું કમકમાટી ભર્યું મૃત્યુ થયું હતું ત્યારે હજુ પણ આ રોડ ઉપર અનેક જગ્યાએ કામ ચાલુ છે.

# કોડીનારના ઘાંટવડ પંથકમાં એસ.ટી. બસ વધારવા માટે આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ

કોડીનાર,તા.૦૮

કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામથી ૨૦ વર્ષ પહેલાં બિલિમોરા-સોમનાથ, તલોદ-સોમનાથ, મોડાસા-કોટડા જેવી લાંબા અંતરની એક્સપ્રેસ બસો તથા કોડીનારથી અમરેલીની છ લોકલ બસો તથા કોડીનારથી ભાવનગર વાયા અમરેલી, શિહોરની લોકલ બસની સુવિધા મળતી હતી. તાલુકા કક્ષાએ એસટી ડેપો ન હોવા છતાં પણ જ્યારે કોડીનાર ખાતે ડેપો બનતા



સુવિધાઓ વધવાના બદલે ઘટી ગઈ છે. જંગલનાં ખરાબ રસ્તાનું બહાનું કાઢીને બસો બંધ રાખવામાં આવે છે. આથી ઘાંટવડ પંથકની પ્રજા વતી જાગૃત નાગરિક શબીરભાઈ સેલોતે કોડીનારમાં ડેપો મેનેજરને રૂબરૂ મળીને કોડીનાર, અમરેલી વાયા ઘાંટવડ જામવાળા રૂટની સવારે સાડા છ, બપોરે બાર તથા સાંજના ચાર વાગ્યાની બસ તથા કોડીનાર ભાવનગર વાયા જામવાળા અમરેલી શિહોર રૂટની બંધ બસ સેવાઓ પુનઃ શરૂ કરવા માગણી કરી છે.

આ ઉપરાંત કોડીનાર-રાજકોટ વાયા ઘાંટવડ જામવાળા, અમરેલી લોકલ ઈન્ટરસીટી બપોરે બે વાગ્યે તથા કોડીનારથી વાપી વાયા ઘાંટવડ જામવાળા ગીરગઢડા ધોકડવા અમરેલી વલભીપુર ધંધુકા વડોદરા સુરતની નવી બસ સેવાઓ શરૂ કરવા આવેદનપત્ર આપેલ છે.

# દીપાવલીમાં દ્વારકામાં સૌથી વધુ પ્રવાસીઓ આવ્યા, સ્ટેચ્યુ ઓફ યુનિટીનું આકર્ષણ ઘટ્યું

રાજકોટ,તા.૦૮

ગુજરાતમાં હવે દીપાવલીથી ક્રિસમસ અને સાતમ આઠમના તહેવારો રાજયની અંદર જ આવેલા ધાર્મિક સ્થળોના પ્રવાસને વેગ આપી રહ્યા છે જેના કારણે હવે ગુજરાત રીલીજીયસ ટુરીઝમ એ એક નવી ઉંચાઈએ પહોંચી તો ગયું છે તો સ્ટેચ્યુ ઓફ યુનિટી તેનું આકર્ષણ ગુમાવી રહ્યું છે. દ્વારકામાં આ વર્ષે ૫.૩૯ લાખ શ્રદ્ધાળુઓ ભગવાન શ્રી ક્રિષ્નના દર્શને આવ્યા હતા જે ગત વર્ષની ૪.૧૮ લાખની સંખ્યા કરતા વધુ હતા તો સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૨૦૨૩માં ૧.૭૬ લાખ સહેલાણીઓ આવ્યા હતા પણ ચાલુ વર્ષે ફકત ૧.૩૭ લાખ જ સહેલાણીઓ આવ્યા હતા. ગુજરાતમાં આંતરિક અને પાડોશી રાજયમાંથી પ્રવાસીઓ આવવાનું પ્રમાણ એકંદર વધી ગયુ છે. રાજયના પાંચ સ્થળોએ સૌથી વધુ ટુરીસ્ટ પહોંચ્યા તેમાં દ્વારકા બાદ બીજો ક્રમ અંબાજીનો આવે છે જયાં ગત વર્ષના ૩.૪૫ લાખ શ્રદ્ધાળુઓ સામે આ વર્ષ ૩.૯૩ લાખ નોંધાયા હતા.


**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

**જાહેર નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૫૦/૨૦૨૪

**અરજદારશ્રીઃ-** ૧.કમળાબેન બાબુભાઈ રવિયા
રહે.આદસંગ, તા. સાવરકુંડલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ-** ૧. તલાટી કમ મંત્રીશ્રી આદસંગ, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતા ભગવાનભાઈ ભાણજીભાઈ રવિયાનું મરણ તા.૦૭/૦૨/૧૯૯૮ ના રોજ મુ.આદસંગ તા. સાવરકુંડલા, જી. અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ,મરણનીનોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

# દિલ્હીમાં ધુમ્મસ વધવાથી શ્વાસ લેવામાં તકલીફ, હવામાં વધતા ઝેરથી લોકો મુશ્કલીમાં મુકાયાં

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

રાજધાની દિલ્હીની હવા છેલ્લા ઘણા દિવસોથી ઝેરી બની છે. વધતા પ્રદૂષણને કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. ઘણા વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ(એક્યુઆઈ) ૪૦૦ સુધી પહોંચી ગયો છે. આવી સ્થિતિમાં આજે ફરી દિલ્હી ધુમ્મસની ચાદરમાં લપેટાયેલું જોવા મળ્યું હતું. જેના કારણે લોકોને આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર, આજે સવારે આનંદ વિહારમાં



એક્યુઆઈ ૪૧૫, મુંડકામાં ૪૨૮, બવાનામાં ૪૪૦, અશોક વિહારમાં ૪૧૮, આઈટીઓમાં ૩૪૯, જહાંગીરપુરીમાં ૪૩૭, રોહિણીમાં ૪૩૯, નજફગઢમાં ૩૭૪, આરકેપુરમાં ૪૬૦, પંજાબીમાં ૬૦૪૦ હતો. સોનિયા વિહારમાં ૪૦૪, દ્વારકા સેક્ટર ૮માં ૩૯૧ નોંધાયો છે. ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાનશાસ્ત્ર સંસ્થા અનુસાર પવન જુદી જુદી દિશામાંથી ફૂંકાયો હતો. આ દરમિયાન પવનની ઝડપ ૪ થી ૮ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી. શુક્રવારે પવન જુદી જુદી દિશામાંથી ફૂંકાય તેવી શક્યતા છે. આ દરમિયાન ૪ થી ૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

# ભારત સરકારે અમૃતસર, ચંડીગઢ એરપોર્ટ પર કિરપાણ પહેરવા પર પ્રતિબંધ મુકયો

**આતંકવાદી પન્નુએ બંને એરપોર્ટ બંધ કરવાની ધમકી આપી**

અમૃતસર,તા.૦૮

અલગતાવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ)ના આતંકવાદી અને ખાલિસ્તાની સમર્થક ગુરપતવંત સિંહ પન્નુએ ૧૭ નવેમ્બરે અમૃતસર અને ચંદીગઢ એરપોર્ટને બંધ કરવાની ધમકી આપી છે. પન્નુનો આરોપ છે કે ભારત સરકારે એરપોર્ટની અંદર શીખ ધર્મના પ્રતીક કિરપાણ પહેરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ નિર્ણયને શીખ સમુદાય પર હુમલો ગણાવતા પન્નુએ ભવિષ્યમાં શીખોના ધાર્મિક પ્રતીકો પર વધુ નિયંત્રણો લાદવાની આશંકા વ્યક્ત કરી છે. આતંકવાદી પન્નુએ પોતાનો એક વીડિયો સોશિયલ મીડિયા



પર વાયરલ કર્યો છે, જેમાં તે ભારત સરકારને ધમકી આપતો જોવા મળી રહ્યો છે. તેણે આરોપ લગાવ્યો છે કે ભારત સરકાર આગામી દિવસોમાં દસ્તર (પાઘડી) પર પણ પ્રતિબંધ લગાવી શકે છે. આ પછી, ભારત સરકાર શીખોને ઘરે પણ તેમના ધાર્મિક પ્રતીકો પહેરવાથી રોકી શકે છે. પન્નુએ પંજાબના યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો છે અને ૧૭ નવેમ્બરે અમૃતસર અને ચંદીગઢ એરપોર્ટ બંધ કરવાની વાત કરી છે.

# સંઘની સાથે દરેક ભારતીય સનાતન હિંદુએ માળા અને ભાલા બંને રાખવા જરૂરી છે : બાબા બાગેશ્વર

(એ.આર.એલ),ભીલવાડા,તા.૮

ભીલવાડા શહેરના કુમુદ વિહારમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કથાકાર પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ઉર્ફે બાબા બાગેશ્વરે કહ્યું કે દેશના દરેક હિંદુએ માળા અને ભાલો ધરવો જોઈએ. આરએસએસ ચીફ મોહન ભાગવતના નિવેદન પર પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ કહ્યું કે દરેકની રક્ષા કરવાની જરૂર છે. આ એકલા સંઘની જવાબદારી નથી. ભારતમાં રહેતા દરેક વ્યક્તિને બંધારણીય



અધિકારો પણ છે. તેમણે કહ્યું કે આપણે આપણી સંસ્કૃતિ અને પરિવારનું રક્ષણ કરવાનું છે. આ માટે સરકાર અમને હથિયાર લાયસન્સ પણ આપે છે. સંઘની સાથે દરેક ભારતીય સનાતન હિંદુએ માળા અને ભાલા બંને રાખવા જરૂરી છે.

# સલમાન રશ્દીના વિવાદાસ્પદ પુસ્તક 'ધ સેટેનિક વર્સિસ'ની આયાત પરનો પ્રતિબંધ હટ્યો

**૧૯૮૮માં રાજીવ ગાંધીએ પુસ્તકની આયાત પર પ્રતિબંધ મુક્યો હતો**

ન્યુ દિલ્હી,તા.૦૮

રાજીવ ગાંધીએ ૧૯૮૮માં સલમાન રશ્દીના વિવાદાસ્પદ પુસ્તક 'ધ સેટેનિક વર્સિસ'ની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. જેની સામે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી. હવે કોર્ટે અરજી પર સુનાવણી અટકાવી દીધી છે. કોર્ટે કહ્યું કે, અધિકારીઓ પ્રતિબંધ અંગે કોઈ સૂચના રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા. આના પરથી એવું માની શકાય કે પ્રતિબંધનો આદેશ અસ્તિત્વમાં નથી. જસ્ટિસ રેખા પલ્લી અને જસ્ટિસ સૌરભ બેનર્જીની બેન્ચે ૫ નવેમ્બરે 'ધ સેટેનિક વર્સિસ'ની આયાત



પરનો પ્રતિબંધ હટાવ્યો હતો. ૨૦૧૯ માં સંદીપન ખાન નામના વ્યક્તિએ પુસ્તકની આયાતને લઈને અરજી કરી હતી. સંદીપને કહ્યું કે, તેણે 'ધ સેટેનિક વર્સિસ' પુસ્તકનો ઓર્ડર આપ્યો હતો, પરંતુ કસ્ટમ વિભાગ દ્વારા ૩૬ વર્ષ પહેલા જારી કરાયેલા નોટિફિકેશનને કારણે આ પુસ્તકની આયાત થઈ શકી નથી. જો કે, સૂચના ન તો કોઈ સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ હતી અને ન તો તેના સંબંધિત દસ્તાવેજો કોઈ સંબંધિત અધિકારી પાસે ઉપલબ્ધ હતા.

# મહત્વના નિર્ણયો લીધા બાદ સીજેઆઈ ડી.વાય.ચંદ્રચુડ નિવૃત

ન્યુ દિલ્હી,તા.૦૮

જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ નવેમ્બર ૨૦૨૨ થી સેવા આપતા ભારતના ૫૦મા મુખ્ય ન્યાયાધીશ છે. CJI ચંદ્રચૂડ હવે નિવૃત્ત થવા જઈ રહ્યા છે. મુખ્ય ન્યાયાધીશ તરીકે આજે તેમનો છેલ્લો કાર્યકારી દિવસ છે. આવી સ્થિતિમાં, CJIએ આજે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU) કેસ પર મોટો નિર્ણય લેતા તે લઘુમતી સંસ્થાન જ ગણાશે એવો ચુકાદો આપ્યો છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડનો કાર્યકાળ



ઐતિહાસિક નિર્ણયો માટે જાણીતો રહેશે. મુખ્ય ન્યાયાધીશ તરીકે, તેમણે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો આપેલી બેંચનું નેતૃત્વ કર્યું. જેમાં આર્ટિકલ ૩૭૦, સમલૈંગિક લગ્ન સહિત ઘણા રસપ્રદ નિર્ણયો લેવામાં આવ્યા છે.

# હિમાચલના મુખ્યમંત્રીનો નાસ્તો સ્ટાફને આપવામાં આવતા પાંચ પોલીસકર્મીને નોટિસ

**૧૦ દિવસમાં નોટિસનો ખુલાસો આપવાનો આદેશ કરાયો**

સીમલા,તા.૦૮

હિમાચલમાં મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ માટે લાવવામાં આવેલો નાસ્તો તેમના સ્ટાફને પીરસવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે. મામલો એ હદે વધી ગયો કે CIDના વરિષ્ઠ અધિકારી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ ભૂલ સરકારવિરોધી કૃત્ય છે. એમ છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ વિવાદ ત્યારે થયો જ્યારે ૨૧ ઓક્ટોબરે મુખ્યમંત્રી સુખુ સિમલામાં CID હેડક્વાર્ટરમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યા હતા. તે દિવસે મુખ્યમંત્રી માટે લાવેલાં સમોસા અને કેક



તેમના સ્ટાફને પીરસવામાં આવ્યાં હતાં. આવી સ્થિતિમાં કાર્યક્રમમાં હાજર CM અને VVIP મહેમાનોને નાસ્તો મળી શક્યો ન હતો. હવે આ મામલો નોકરિયાત વર્ગમાં ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આ મામલે વિવાદ થયા બાદ ૫ પોલીસકર્મીઓને નોટિસ ફટકારવામાં આવી છે. તેમને ૧૦ દિવસમાં નોટિસનો જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. આ પોલીસકર્મીઓના જવાબના આધારે જ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# એક જ દિવસમાં ભારતીય રેલમાં ૩ કરોડથી વધુ મુસાફરોએ મુસાફરી કરી

ન્યુ દિલ્હી,તા.૦૮

ભારતીય રેલવેએ ૪ નવેમ્બરના રોજ એક જ દિવસમાં ૩ કરોડથી વધુ મુસાફરોને મુસાફરી કરાવીને ઈતિહાસ રચી દીધો છે. રેલવે મંત્રાલયે આ માહિતી આપી છે. દેશના પરિવહન ઈતિહાસમાં આ એક ઐતિહાસિક સિદ્ધિ છે. માહિતી અનુસાર, ચોથી નવેમ્બરના રોજ ભારતીય રેલવે



દ્વારા ૧૨૦.૭૨ લાખ નોન-સબઅર્બન મુસાફરોએ મુસાફરી કરી હતી. જેમાં ૧૯.૪૩ લાખ આરક્ષિત મુસાફરો અને ૧૦૧.૨૯ લાખ બિનઆરક્ષિત મુસાફરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રેલવે મંત્રાલયે રેકોર્ડ ૧૮૦ લાખ સબઅર્બન મુસાફરોની મુસાફરી કરાવી છે. તમામ મુસાફરોની સંખ્યા ઉમેર્યા બાદ ભારતીય રેલવેએ એક નવો ઈતિહાસ રચી દીધો છે. ભારતીય રેલવેએ તહેવારોની સિઝનમાં આ સિદ્ધિ મેળવી છે. વર્ષના આ વ્યસ્ત સમયમાં, લાખો લોકો દુર્ગા પૂજા, દિવાળી અને છઠ પૂજાના પ્રસંગે એક રાજ્યથી બીજા રાજ્યમાં પ્રવાસ કરે છે.

# પુરૂષ દરજી મહિલાઓનું માપ લઈ શકશે નહી : યુપી મહિલા આયોગનો આદેશ

કાનપુર,તા.૦૮

કાનપુરમાં એકતા હત્યાકાંડ બાદ યુપી મહિલા આયોગે કડક કાર્યવાહી કરી છે. પુરૂષ દરજી મહિલાઓનું માપ લઈ શકશે નહીં. આ સિવાય જીમ અને યોગ કેન્દ્રોમાં મહિલા ટ્રેનર્સની નિમણૂક કરવાની રહેશે. સીસીટીવી દ્વારા પણ તેના પર નજર રાખવામાં આવશે. કમિશનનું કહેવું છે



કે છોકરીઓના મેક-અપ અને ડ્રેસ અપ માટે પાર્લરમાં એક મહિલા હોવી જોઈએ. આ સિવાય મહિલાઓ માટે ખાસ કપડાં વેચતા સ્ટોર્સમાં પણ મહિલા કર્મચારીઓને રાખવા જોઈએ. આ સિવાય કોચિંગ સેન્ટરો પર સીસીટીવી દ્વારા નજર રાખવી જોઈએ. વાસ્તવમાં ૨૮ ઓક્ટોબરે મહિલા આયોગની બેઠક મળી હતી. જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે પંચે તમામ જિલ્લાના ડીએમ અને એસપીને આદેશનો અમલ કરવા જણાવ્યું છે.

# આવતા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફી રમવા ભારતીય ટીમ પાકિસ્તાન નહી જાય

મુંબઈ,તા.૦૮

ભારતીય ટીમ આવતા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન નહીં જાય. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ તાજેતરમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ને એક પત્ર મોકલ્યો હતો, જેમાં તેના નિર્ણય પાછળ સુરક્ષાની ચિંતાઓ દર્શાવી હતી. બોર્ડે તેની તમામ મેચ દુબઈમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ્સ પ્રમાણે, આ મામલાને લગતા એક સૂત્રએ કહ્યું હતું કે આ અમારો નિર્ણય છે. અમે PCBને પત્ર લખીને અમારી મેચ દુબઈમાં યોજવા જણાવ્યું છે. ચેમ્પિયન્સ ટ્રોફી ડ્રાફ્ટ શિડ્યૂલ મુજબ આવતા વર્ષે ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી રમાશે. આ ઈવેન્ટની મેચ કરાચી, લાહોર અને રાવલપિંડીમાં યોજાઈ શકે છે. જો ભારત રમવા નહી જાય તો પાકિસ્તાનને આર્થિક ફટકો પડશે.

# એસ.જયશંકરની પ્રેસ કોન્ફરન્સ ટીવી પર દર્શાવતા કેનેડાએ પ્રતિબંધ લગાવ્યો

મેલબોર્ન,તા.૦૮

કેનેડાએ ઑસ્ટ્રેલિયાની એક ન્યૂઝ ચેનલ ઑસ્ટ્રેલિયા ટૂડે અને તેના સોશિયલ મીડિયા હેંડલ્સને બ્લૉક કર્યા છે. વાસ્તવમાં આ ચેનલે ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયેલા ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરની પ્રેસ કૉન્ફરન્સને ટીવી પર દર્શાવી હતી. જયશંકરે ગુરુવારે ઑસ્ટ્રેલિયન વિદેશ મંત્રી સાથે પ્રેસ કૉન્ફરન્સ કરી હતી. આ



કૉન્ફરન્સમાં જયશંકરે નિજ્જરના મામલે નક્કર પુરાવા વગર ભારત પર આરોપ લગાવવા માટે કેનેડાની ટીકા કરી હતી. દરમિયાન જયશંકરે કહ્યું હતું કે કેનેડા ભારત વિરોધી તત્વોને રાજકીય સ્થાન આપે છે. સાથે જ કેનેડામાં ભારતીય રાજદ્વારીઓ પર રખાતી નજરને લઈને પણ નિંદા કરી હતી. ભારતીય વિદેશ મંત્રાલયે કેનેડાના પગલાંને દંભ બતાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્ત રણધીર જયસ્વાલે કહ્યું કે વિદેશમંત્રી જયશંકરની પ્રેસ કૉન્ફરન્સની કેટલીક કલાકો બાદ જ કેનેડાએ આ પગલું લીધું હતું.

# ભારત વચ્ચેની વાતચીતને વધુ મજબૂત કરવાની ઈચ્છા વ્યક્ત કરતું અફઘાનિસ્તાન

(એ.આર.એલ),કાબુલ,તા.૮

ભારતના વિદેશ મંત્રાલયમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈરાનના સંયુક્ત સચિવ જેપી સિંહના નેતૃત્વમાં એક ભારતીય પ્રતિનિધિમંડળ અફઘાનિસ્તાનના સંરક્ષણ પ્રધાનને મળ્યું. અફઘાનિસ્તાન સરકારે સોશિયલ મીડિયા પર શેર કરેલા નિવેદનમાં આ માહિતી આપી છે. અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે 'જેપી



સિંહના નેતૃત્વમાં એક ભારતીય પ્રતિનિધિમંડળ અફઘાનિસ્તાનના સંરક્ષણ મંત્રાલયના પ્રશાસક મૌલવી મોહમ્મદ યાકુબને તેમની ઓફિસમાં મળ્યું હતું. આ બેઠકમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા ખાસ કરીને માનવાધિકાર મુદ્દાઓ અને અન્ય મુદ્દાઓ પર સહમતી સધાઈ હતી. અફઘાનિસ્તાને પણ બંને દેશો વચ્ચેની વાતચીતને વધુ મજબૂત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

રિપોર્ટ્સ અનુસાર, ભારતે તાલિબાન સરકારને ઈરાનમાં ભારત દ્વારા વિકસિત ચાબહાર પોર્ટનો વેપાર માટે ઉપયોગ કરવાની ઓફર કરી છે. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે અફઘાન સંરક્ષણ પ્રધાન સિવાય ભારતીય પ્રતિનિધિમંડળે અફઘાનિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈ અને અન્ય વરિષ્ઠ મંત્રીઓ સાથે પણ મુલાકાત કરી.

# અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને જાહેરાત કરી, 'ડોનાલ્ડ ટ્રમ્પને શાંતિથી સત્તા સોંપીશું'

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૮

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે તેઓ રાષ્ટ્રપતિ ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પને શાંતિપૂર્ણ રીતે સત્તા સ્થાનાંતરિત કરશે. તેમણે અમેરિકન લોકોને રાજકીય તાપમાન નીચે લાવવાની અપીલ કરી હતી. જો બાઈડેને ગુરુવારે રાષ્ટ્રને સંબોધિત કરતા કહ્યું, તમે માત્ર જીતીને તમારા દેશને પ્રેમ કરી શકતા નથી. જો તમે સંમત થાઓ તો જ તમે તમારા પાડોશીને પ્રેમ કરી શકતા નથી. તમે કોને મત આપ્યો છે તે ધ્યાનમાં લીધા વિના, ચાલો એકબીજાને પ્રતિસ્પર્ધી તરીકે નહીં પરંતુ સાથી અમેરિકન તરીકે જોઈને તાપમાન ઘટાડીએ. રાષ્ટ્રપતિ બાઈડેને કહ્યું, હું એ પણ આશા રાખું છું કે અમેરિકન ચૂંટણી પ્રણાલીની અખંડિતતા પર પ્રશ્ન ન થાય. તે પ્રામાણિક, ન્યાયી અને પારદર્શક છે. જીત કે હાર, તેના પર ભરોસો કરી શકાય છે. મંગળવારની ચૂંટણીએ અમેરિકન ચૂંટણી પ્રણાલીની પ્રામાણિકતા



સાબિત કરી. ચૂંટણી પ્રણાલી પર જો બાઈડેનનું નિવેદન ડોનાલ્ડ ટ્રમ્પ પર આડકતરો હુમલો છે, જેમણે ૨૦૨૦ માં તેમની હાર પછી ચૂંટણી પર પ્રશ્નો ઉભા કર્યા હતા અને આ વર્ષે પણ છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો. બાઈડેને કહ્યું, અમે ચૂંટણી હારી ગયા છીએ. તમારા સપનાનું અમેરિકા તમને ફરીથી ઉભા થવા માટે બોલાવી રહ્યું છે. નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રચાર સાથે જોડાયેલા લોકોએ એમ પણ કહ્યું કે રાષ્ટ્રપતિ જો બાઈડેને ડોનાલ્ડ ટ્રમ્પને વ્હાઈટ હાઉસમાં મળવા આમંત્રણ આપ્યું છે, જો કે હજુ સમય નક્કી કરવામાં આવ્યો નથી.

# અયોધ્યા જતી ગુજરાતી શ્રધ્ધાળુઓની બસને નડ્યો અકસ્માત: ૩ના મોત

**૫૦થી વધુ ગુજરાતી મુસાફર ઘાયલ, બે ગંભીર**

અયોધ્યા,તા.૦૮

હરિદ્વારથી અયોધ્યા જતા ગુજરાતી શ્રદ્ધાળુઓથી ભરેલી બસનો ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આગરા-લખનઉ એક્સપ્રેસ હાઈવે પર ટ્રોલી સાથે બસની ટક્કર થતા ત્રણ શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા છે. જ્યારે ૫૦ જેટલા ગુજરાતીઓને ઈજા પહોંચી છે. જેમાં ૨ લોકોની હાલત ગંભીર હોવાની પ્રાથમિક માહિતી પ્રાપ્ત થઈ છે. બસ અકસ્માતમાં ઘાયલ થયેલા શ્રદ્ધાળુઓને સૈફઈ મેડિકલ કોલેજ, ફિરોજાબાદ જિલ્લાની હોસ્પિટલ અને શિકોહાબાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માતમાં ભોગ બનેલા ગુજરાતીઓ અમદાવાદ



અને દાદરા નગર હવેલીના હોવાનું જાણવા મળ્યું છે. તેઓ અમદાવાદથી તીર્થયાત્રાએ નીકળ્યા હતા. આ લોકો કાશી વિશ્વનાથના દર્શન કરીને અયોધ્યા જઈ રહ્યા હતા. ત્યારે ફિરોજાબાદ જિલ્લામાં આગરા-લખનઉ એક્સપ્રેસ વે પર માઈલસ્ટોન ૫૪ પાસે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ત્રણ લોકોના મોત નિપજ્યા છે.

**નરાધમો સગીરાને અર્ધબેભાન અવસ્થામાં મૂકીને ફરાર થયા**

# અંબાજીમાં સગીરા પર ગેંગરેપની ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર

અંબાજી,તા.૦૮

વિશ્વપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજીમાં સગીરા પર ગેંગરેપની ઘટના સામે આવી છે. આ અંગે મળતી માહિતી અનુસાર, ૧૫ વર્ષીય સગીરા પોતાના મોટા બાપુજીના ઘરે જવા નીકળી હતી. એ દરમિયાન ઓળખીતી વ્યક્તિએ તેને બાઈક પર બેસાડી લીધી હતી. ત્યાર બાદ તેને અવાવરૂ જગ્યાએ લઈ જઈ ૬ નરાધમે સાથે મળીને દુષ્કર્મ આચર્યું હતું. આ પીડિતાને ઓળખીતી વ્યક્તિ દ્વારા બાઈક પર લઈ જવાયા બાદ ૬ નરાધમે રોડની બાજુમાં જ અવાવરૂ જગ્યાનો લાભ લીધો અને સગીરાને



પીંખી નાખી હતી. જેના લીધે પીડિતા બેભાન થઈ ગઈ હતી. પોલીસને આ ઘટનાની જાણકારી મળતાં જ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. માહિતી અનુસાર નરાધમો સગીરાને અર્ધબેભાન અવસ્થામાં મૂકીને ફરાર થઈ ગયા હતા. આ મામલે સગીરાની માતાએ અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# સુરતમાં નુરપુરાના બેઝમેન્ટ હોલમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટતા ૨૦ મહિલાઓ બેભાન

સુરત,તા.૦૮

સુરતના ઝાંપાબજાર દેવડી પાછળ આવેલા નુરપુરાનાં બેઝમેન્ટમાં આવેલા હોલમાં ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતાં ૨૦થી વધુ મહિલાઓ બેભાન થઈ જતાં મોડીરાત્રે અફરાતફરી મચી ગઈ હતી. દાઉદી વોરા સમાજના રાત્રિભોજન માટે AC હોલમાં નોનવેજ સિઝલર આરોગવા આવેલી ૨૦થી ૩૦ મહિલાઓ એક પછી એક પડવા લાગતા ટાવર રોડની બુરહાની હોસ્પિટલની એમ્બ્યુલન્સથી આખો વિસ્તાર ગુંજી ઊઠ્યો હતો. દાઉદી વોરા સમાજની મહિલાઓ માટે મીઠી સિતાબીનાં જમણમાં નોનવેજ સિઝલર પીરસવામાં આવ્યું હતું. અહીં હોલમાં ૧-૧ ટનના ચારથી પાંચ એસી હોવા સાથે સિઝલરનો ધુમાડો બેઝમેન્ટના હોલમાં ફરી વળતાં ઓક્સિજન લેવલ ઘટી જવાને લીધે ૨૦થી વધુ મહિલાઓ ભોજન દરમિયાન ચક્કર આવતા બેભાન થઈ જતાં નાસભાગ મચી જવા પામી હતી.

# ગિરનાર લીલી પરિક્રમા માટે ૩ સ્પેશિયલ ટ્રેન મુકાઇ, ગંદકી ન કરવા કલેક્ટરનો અનુરોધ

જૂનાગઢ, તા.૦૮

આગામી તા.૧૨ નવેમ્બર થી તા.૧૫ નવેમ્બર સુધી યોજાનારી પરંપરાગત ગિરનારની લીલી પરિક્રમાની તમામ તૈયારીઓ જિલ્લા વહીવટી તંત્રએ પૂર્ણ કરી છે. જૂનાગઢ કલેક્ટર અનિલ કુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને ગિરનારની પરિક્રમાની તૈયારી અંગેની બેઠક મળી હતી જેમાં કલેકટર સહિતના જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને સાધુ સંતો તેમજ અન્નક્ષેત્રોના પ્રતિનિધિઓએ યાત્રાળુ માટે જરૂરી વ્યવસ્થાઓ,



સુવિધા અંગે સંવાદ કરી પરિક્રમા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય અને યાત્રાળુઓને અગવડતા ન પડે તે માટે આખરી આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કલેક્ટરે જણાવ્યું હતું કે ગિરનારની લીલી પરિક્રમામાં યાત્રાળુઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે સંબંધિત વિભાગોએ આયોજન કર્યું છે. ગિરનારની લીલી પરિક્રમામાં જંગલ સ્વચ્છ રહે, રૂટ ઉપર ક્યાંય કચરો ન થાય તેમજ અન્નક્ષેત્રો દ્વારા ગંદકી કરવામાં ન આવે તે માટેની વ્યવસ્થામાં તંત્રને સહયોગ આપવામાં આવે તે માટે કલેક્ટરે અનુરોધ કર્યો હતો અને સ્વચ્છતાની તમામ કામગીરી પર દેખરેખ રાખવામાં આવશે તેમ પણ કલેક્ટરે જણાવ્યું હતું.

# બીએપીએસના કાર્યક્રમમાં ૭ ડિસેમ્બરે પ્રધાનમંત્રી ફરી ગુજરાત આવશે



અમદાવાદ,તા.૦૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એક વખત ગુજરાતમાં આવવાના છે. આ વખતે તેઓ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હાજરી આપવાના છે. ૭મી ડિસેમ્બરના રોજ બીએપીએસના કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ હાજર રહેવાના છે. આ કાર્યક્રમમાં લાખો લોકોની ભીડ ભેગી થવાની હોવાથી અમદાવાદ શહેર પોલીસ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. હાલ ઝોન ટુ વિસ્તારમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ આવતું હોવાથી અત્યારથી જ અલગ-અલગ પ્રકારના પ્લાનિંગ તૈયાર કરવામાં આવી રહ્યા છે. સાથે બીએપીએસ સંસ્થા દ્વારા કઈ રીતનું આયોજન છે, તેનું સંકલન અને વ્યવસ્થા કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેની સાથે જ મોસ્ટ વીવીઆઈપી લોકો, દેશ-વિદેશના હરિભક્તો હાજર રહેવાના હોવાથી સુરક્ષામાં સહેજ પણ કચાશ ન રહે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમદાવાદ શહેર પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, અગામી ૭ ડિસેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીએપીએસના કાર્યક્રમમાં અમદાવાદ આવવાના છે. જેમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થવાના છે અને તેમાં ખાસ કરીને દેશ-વિદેશથી પણ લોકો આવવાના છે, જે માટે અત્યારથી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે.

# ૧૧ નવેમ્બરના રોજ ૧૬૦થી વધુ કેન્દ્રો ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થશે

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૮

ગુજરાતમાં મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા મગફળી પકવતા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાનો નિર્ણય કરી સુયોગ્ય આયોજન કર્યું છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. કૃષિ મંત્રીએ વિગતો આપાતા જણાવ્યું હતું કે, સાબરકાંઠાના હિંમતનગર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી તા. ૧૧ નવેમ્બરના રોજ એકસાથે રાજ્યભરના ૧૬૦થી વધુ ખરીદ કેન્દ્રો ખાતે મગફળીની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવશે. ટેકાના ભાવે મગફળીનું વેચાણ કરવા માટે અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩,૩૩,૦૦૦થી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી રૂ. ૧,૩૫૬.૬૦ પ્રતિ મણના ભાવે પૂરતા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવશે. કોઈપણ અફવાઓ કે વાતોમાં આવ્યા વગર ટેકાના ભાવે વેચાણનો લાભ લેવા રાજ્યભરના ખેડૂતોને અનુરોધ કરતા મંત્રી પટેલે કહ્યું હતું કે, ભારત સરકારની તાજેતરની જાહેરાત મુજબ એક દિવસમાં એક ખેડૂત પાસેથી વિસ્તાર આધારિત મહત્તમ ૪,૦૦૦ કિ.ગ્રા એટલે કે, ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવશે.














